R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 9 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH MARCH 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# કેડીઓ ક્લાસિકની સિલ્વર જ્યુબિલીની કચ્છમાં કચ્છી નાટકની રજુઆત સાથે અનેરી ઉજવણી કરાઈ








સમાજ સેવા વર્ષોથી ભારતીય સંસ્કૃતિની માનવ સહજ ભાવના રહી છે. શ્રી શાંતિલાલ મુલજી શિયાલ તથા શ્રી મણીકાંત હિરજી ધુલ્લાની બેલડીના હૃદયમાં માતૃભૂમીનું ઋણ અદા કરવાની ભાવના અંકુરીત થઈ. એની શરૂઆતે માર્ચ ૧૯૯૬માં ૧૦૮ જ્ઞાતિજનોનું કચ્છ દર્શન પ્રવાસનું સફળ આયોજન થયું. આ પ્રવાસમાં જોડાયેલા બધા જ્ઞાતિજનોમાં એક આત્મીયતાની ભાવના નિર્માણ થઈ અને રચનાત્મક વિચારોની આપલે થઈ જેના ફળ સ્વરૂપે ૨૯.૬.૧૯૯૬ના શુભદિને કેડીઓ ક્લાસિક સંસ્થાનો શુભારંભ થયો.

કેડીઓ ક્લાસિક સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જ્ઞાતિજનો માટે મેડીકલ તથા શૈક્ષણિક સહાય આપવાનું હતું. કચ્છ અબડાસા તથા મુંબઈમાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચવાનું અભિયાન શરૂ થયું. મુંબઈમાં વિવિધ સ્થળોએ મેડીકલ કેમ્પ તથા મોતિયાના ઓપરેશન તથા કચ્છ કોઠારામાં એક્સરે, પેથોલોજી, ECG તથા First Aidની સારવાર કોઠારા સાર્વજનિક દવાખાનામાં વર્ષોથી ચાલુ છે. જેનો લાભ અબડાસાના કોઠારાની આજુબાજુમાં રહેતા ૩૫થી ૪૦ ગામોના લોકો લાભ લઈ રહ્યાં છે. આ ઉપરાંત કચ્છ લેવા હોસ્પિટલ અને મેડીકલ ટ્રસ્ટની અદ્યતન હોસ્પિટલ (ભુજ) મધ્યે સમગ્ર કચ્છમાં વસતા જ્ઞાતિજનો માટે ફ્રી પેથોલોજીની સેવા દોઢ મહિનામાં શરૂ કરવાની ગોઠવણ કરવાની તૈયારી છે. આ માટે મનજીભાઈ પીંડોરીયા તથા શ્રી અશ્વિનભાઈ પીંડોરીયા તરફથી પુરો સાથ સહકાર મળેલ છે.

કેડીઓ ક્લાસિકની ૨૫ વર્ષ-રજત જયંતિની 'સુહાની સફરની ઉજવણી'નો કાર્યક્રમ માતૃભૂમિ કચ્છ-ભુજમાં રવિવાર તા. ૧૨મી ફેબ્રુઆરીના ટાઉન હોલ(એ.સી.) મધ્યે યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે સમગ્ર કચ્છથી ૯૦૦ ઉપરાંત જ્ઞાતિજનોએ હાજરી આપી હતી. આ પ્રસંગને ચાર ચાંદ લગાડવા શ્રી પ્રબોધ મુનવર ભુજ એ ચાર મહિના સારી જહેમત ઉઠાવી હતી. પ્રોગ્રામમાં હાજરી આપનાર તથા દૂર દૂરથી આવનાર મહેમાનોને સરળતા રહે એટલા માટે એમના ગામથી લઈ આવવા માટે વાહન વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી આ પ્રોગ્રામ બાદ સાંજે જમ્યા પછી સમયસર પોતાના ગામ પરત પહોંચી શકે. નીચે મુજબની વાહનની વ્યવસ્થા આવનાર મહેમાનોની સંખ્યાને નજરમાં રાખી કરવામાં આવી હતી.

**કેડીઓ ક્લાસિક દ્વારા જ્ઞાતિજનો માટે યોગ્ય વાહન વ્યવસ્થા કરાઈ**

| ગામ | વ્યક્તિ સંખ્યા | વાહન વ્યવસ્થા |
|---|---|---|
| ગાંધીધામ-આદિપુર-અંજાર | ૩૦૦ | ૫ સ્પે.બસ દ્વારા |
| વર્ધમાન નગર | ૨૦૦ | ૧ બસ+છકડા ભાડું |
| કોવઈનગર | ૧૦ | છકડા ભાડું |
| માધાપર | ૬ | છકડા ભાડું |
| માંડવી-ગોધરા-બીદડા | ૩૪ | ૩ તુફાન વાહન |
| તેરા | ૫ | ૧ ઈકો વાહન |
| ભદ્રેશ્વર | ૫ | ૧ ઈકો વાહન |
| મુંદ્રા-કુંદરોડી-બારોઈ-નાના કપાયા | ૩૨ | ૨ તુફાન-૧ ઈકો વાહન |
| કોઠારા-વરાડીયા-સાંયરા | ૩૦ | મીની બસ+ઈકો વાહન |
| સુથરી | ૧૭ | ૨-ઈકો વાહન |
| ગઢશીશા | ૧૦ | ૧-તુફાન વાહન |
| મંજલ રેલડીયા-ડુમરા-દેઢીયા-ચિયાસર | ૧૪ | ૧ તુફાન વાહન |
| બાંડીયા | ૧૬ | ૧ તુફાન+૧ ઈકો વાહન |
| જખૌ-લાલા-જશાપર | ૨૦ | ૧ તુફાન+૧ ઈકો વાહન |
| સાંધવ | ૬ | ૧ ઈકો વાહન |
| ભુજ | ૫૦ | લોકલ |
| વારાપધ્ધર | ૧૦ | ૧ તુફાન વાહન |
| નલિયા | ૫૬ | ૧ સ્પે.બસ દ્વારા |





સમગ્ર કચ્છમાંથી આવેલ જ્ઞાતિજનોને લઈ આવવા જવાની ઈકો, તુફાન જીપ અને બસ કે અન્ય વ્યવસ્થા શ્રી પ્રબોધ મુનવરની રાહબરી હેઠળ થઈ હતી. સર્વે જણાઓને તેમના ગામથી લઈ આવવા વાહનની વ્યવસ્થા, બપોરના ચા-નાસ્તો, ત્યારબાદ કચ્છી નાટક 'મન મેલેં ત અખિયું ખેલેં' ની મોજ, સાંજના જમણ પછી સૌને તેમના ઘર-ગામે પરત લઈ જવાની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી કેડીઓ ક્લાસિક દ્વારા સુચારૂપણે કરાઈ હતી. ભુજ મધ્યે રજત જયંતિની ઉજવણીમાં સહભાગી થનારા સૌ માટે કાર્યક્રમ શરૂ થયા પહેલા ચા-પાણીની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

કેડીઓ ક્લાસિક વતી મુંબઈથી સંસ્થાના ફાઉન્ડર પ્રેસીડન્ટ શ્રી મણીકાંત ધુલ્લા, ઉપપ્રમુખ મીનાબેન શાહ, માનદ્મંત્રી પિનાકીન છેડા, સહમંત્રી તેજસ લાલકા, ખજાનચી જયશ્રી જૈન, ચેતન શાહ, કાશ્મીરાબેન લુઠીયા, અશોક મોતા તથા લતા કારાણીએ ખાસ હાજરી આપી હતી.

પ્રાસંગિક અવકાર માનદ્મંત્રી પિનાકીન છેડાએ આપેલ તથા સંસ્થાનો ઉદ્દેશ તથા ૨૫ વર્ષનો ઈતિહાસ અને સામાજિક પ્રવૃત્તિના ચીતાર આપ્યો તથા આજની ઉજવણી માટે દિવસોથી સમયનો ભોગ આપના કચ્છના સર્વે ટ્રસ્ટી, પદાધિકારી તથા કાર્યકર્તાઓનો અંતરથી આભાર વ્યક્ત કર્યો હતો. રજત જયંતીની ઉજવણીના આયોજનની સંપૂર્ણ જવાબદારી શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ હિરાચંદ મુનવરે બજાવી હતી તથા સંપૂર્ણ આયોજનમાં એમનું અમુલ્ય યોગદાન હતું. એમનું બહુમાન કરવામાં આવેલ.

શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમના પ્રમુખ શ્રી મહેશ ખીમજી લાલકા તથા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગાંધીધામના પ્રમુખ શ્રી લહેરચંદ આણંદજી ખોનાએ ઉજવણીના પ્રસંગે ખૂબ સાથ સહકાર આપેલ. એમનું બહુમાન કરવામાં આવ્યું હતું તથા વિવિધ ગામથી આવનાર માટે સમયનું યોગદાન આપનાર ટ્રસ્ટી, મેનેજરનું બહુમાન કરવામાં આવ્યું હતું.

કચ્છ યુવક સંઘ નિર્મિત 'મન મેલેં ત અખિયું ખેલેં' ની મોજનો કચ્છી નાટક આ પ્રસંગે ખાસ યોજવામાં આવ્યું હતું. હાજર સૌ મહેમાનોએ ખૂબ આનંદથી માણ્યો.

પ્રોગ્રામના મધ્યાહન બાદ શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામના પ્રમુખ શ્રી લહેરચંદભાઈ ખોના તથા મંત્રીશ્રી મહેશ લાલકા દ્વારા 'રજત જયંતિ વર્ષ અભિનંદન સહ સ્મૃતિ પત્ર'થી કેડીઓ ક્લાસિકના સર્વે પદાધિકારી તથા ટીમનું મંચ પર બહુમાન કરવામાં આવ્યું તથા ક.દ.ઓ. મહાજન ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ મુનવર તથા કમિટી દ્વારા કેડીઓ ક્લાસિકના સર્વે પદાધિકારીઓનું શાલથી બહુમાન કરવામાં આવ્યું હતું.

કચ્છી નાટક પૂર્ણ થયા બાદ સૌ માટે સાંજે ચૌવિહાર તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. પ્રતિક કેટરર્સના શ્રી ભીખુભાઈ તેમજ શ્રી પ્રતિકભાઈએ તૈયાર કરેલ સ્વાદિષ્ટ ભોજન સાથે આઈસ્ક્રીમનો લગભગ ૮૦૦ મહેમાનોએ આનંદ માણ્યો.

રજત જયંતિની ઉજવણીનો ભુજ મધ્યેનો પ્રોગ્રામ ખૂબ આનંદ, ઉત્સાહ તથા મીઠા સંભારણા સાથે પૂર્ણ થયો. આ કાર્યક્રમ મુંબઈ તથા સમગ્ર કચ્છમાં વસતા જ્ઞાતિજનો માટે સેતુ સમાન સાબિત થયું. ફરી જલ્દી મળશું એવા મીઠા ઉદ્ગાર સાથે સૌએ પોતાના ગામ તરફ પ્રસ્થાન કર્યું.

જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં હાજર રહી પ્રસંગને ઉત્સવમાં ફેરવી, આનંદ માણી, કેડીઓ ક્લાસિકની 'સુહાની સફરની ઉજવણી'ને યાદગાર બનાવી દીધી હતી.

**રજત જયંતી વર્ષની સફરનો યાદગાર દસ્તાવેજ બનાવવાનો શ્રેય અમારા સાથીઓને આભારી**

આજે જમાનો ટેકનોલોજીનો છે. ઈલેક્ટ્રોનિક મીડિયાની વધતી જતી ભરમારમાં પણ પ્રિન્ટ મીડિયાની સમૂળગી અવગણના ન થઈ શકે. પેપરમાં છપાયેલ અક્ષરો વાંચવાની, તસવીરો જોવાની, માણવાની મઝા કંઈક અલગ છે. કેડીઓ ક્લાસિકની સફર તેના દ્વારા થયેલ કાર્યને લીધે અવિસ્મરણીય રહી છે. આ દસ્તાવેજ છપાઈને સચવાયેલો રહે એવી અમારી સાથે સૌની ભાવના હતી. જે પ્રકાશ સમિક્ષાના સાથથી સાકાર થઈ શક્યો છે. રજત જયંતિ વર્ષની યાદગાર, આહલાદક અને અદ્ભૂત સફરને પાના ઉપર સંકલિત કરી ઉતારનાર પિનાકિન જેઠાભાઈ છેડા, તેજસ બંકિમચંદ્ર લાલકા, જયશ્રીબેન નવીન જૈન-ધુલ્લા અને ચેતન ગુલાબ શાહએ ખંતપૂર્વક જહેમત લીધી છે એ અકલ્પનીય છે. આ પૂર્તિને શબ્દોથી શણગારી, સોહામણી બનાવનાર અમારા ઉપરોક્ત સૌ સાથીઓનો આભાર માનીએ છીએ અને આ દ્વારા સોહામણી સફર શબ્દાંકિત થઈને પાના પર ઉતરી છે એનો અમે હર્ષ વ્યક્ત કરીએ છીએ.

કેડીઓ ક્લાસિક પરિવારવતી

પ્રમુખ જયંત લાપસીયા - એડ.મિનલ ખોના

તંત્રી સ્થાનેથી

# WOMEN'S SPECIAL DAY- ALERT FOR WOMEN

## Uncomfortable Touch, Gestures, Hints and Words

કાર્ય. તંત્રી : એડ. ઉદયનભાઈ શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)



Today we will talk about Uncomfortable Touch, Gestures, Hints and Words faced women from men. It is necessary to write about this so that we can protect our culture, traditions and religion. This matter is applicable every society in the World. What type of treatment is given by men to women or How men dominated society treats women ?

Suddenly our culture, customs, traditions have changed and are changing every day. TV, mobiles, social networking sites and movies are breaking and twisting our culture and traditions to suit their purposes. The impact is that social media has completely changed our values. now it is acceptable, repeat acceptable, for man and woman to embrace each other in public. Age of the woman or whether she is married or not, etc. are now do not matter.

I am motivated to write this article from my personal experiences especially for the survival of our Jain sanskars. I have noticed that certain men in offices, friends circles and clubs etc. have an art of immediately be friendly with women as these men are very good actors. And let me say these days women are also attracted to these type of men. These men touch a woman's hands and shoulders while talking. They meet a woman they like, regularly and make the woman a habitual of their touch. These actor men are present everywhere. I can say boldly again this madness has high chances of spreading rapidly to other women in same circle. I am witness to this and other men of that particular circle are also motivated to touch women. These men use abusive words in a polite way and make it acceptable too by saying 'We are open minded or improved class'. These author has found that men and women of all ages believing in these culture, are engage in physical gestures and use of abusive words. Smoke and drink for a woman have become a part of daily life. The English newspaper and colourful English magazines have also coined the term 'office spouse'. And now our civilization and culture have become English.

So KDO women you don't become victim of emotions & feeling. Be courageous in restraining this type of man/woman if required slap him/her after giving a warning. Be courageous to leave clubs, friend circle or office where indecent behaviour towards women are tolerated or ignored.

The Supreme Court of India has given guidelines to be followed at all the offices/working places for maintaining the decorum and protocol for behaving with women staff. These guide lines are known as “VISHAKHA GUIDE LINES”.

If any woman or girl is a victim of indecent behaviour please immediately inform your family members and immediately lodge a Police Complaint about indecent behaviour meted out to her.

Women have very power full sixth sense and they are capable of identifying behaviours which apparently appear to be decent mixed with sweet talks and in reality are indecent and used for targeting a woman in precise manner.

Mothers please talk to your daughters with open heart, listen to them carefully whenever they are victim of indecent behaviour and be courageous to thwart powerfully the act of indecently behaviour.

YOUNG GIRLS DON'T FALL PREY OF PEER PRESSURE INSTEAD BE COURAGIOUS AND FIND OUT NEW DECENT FRIENDS. BOLDY SAY NOT TO INDECNT FRIENDS AND DO NOT TOLERARTE THEIR NON SENSE LANGUAGE AND INCIDENT BEHAVIOURS.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૯, તા. ૦૫-૦૩-૨૦૨૩**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

## પલક પાયલ પ્રતિક ધરમશી – મહિલા ક્રિકેટર




પલક, મૃદુલા પ્રતાપ ધરમશી (છેડા કલાસીસ) મુલુંડ સુથરીની પૌત્રી છે. ક્રિકેટમાં દેશના સ્તરે નોંધ લેવાયેલ આપણી જ્ઞાતિની યુવા પ્રતિભા છે. ૧૨મા ધોરણમાં કોમર્સની વિદ્યાર્થીની છે. પલક ચોથા ધારણામાં હતી, ત્યારથી જ ક્રિકેટની રમત તરફ આકર્ષાઈ હતી. સ્વીમીંગ, બેડમિન્ટન જેવી અન્ય રમતોમાં પણ રસ હતો. પણ એને ખ્યાલ આવ્યો કે ક્રિકેટ જ એના માટે યોગ્ય રમત છે. પરિવાર ઈચ્છતો હતો કે પલક રમતમાં રસ લે જેથી કરી એ માનસિક અને શરિરીક સજ્જતા કેળવે. દર રવિવારે પલકના પાપા પ્રતિકભાઈ મુંબઈ સ્થિત આઝાદ મેદાનમાં ક્રિકેટ રમવા જાય ત્યારે પલક પણ એમની સાથે જ રહેતી. આમ ક્રિકેટ પ્રત્યે શોખ નાનપણથી આકાર લઈ રહ્યો હતો. ૧૧ વર્ષની ઉંમરે મુંબઈની અન્ડર-૧૬ ટીમમાં સ્થાન પ્રાપ્ત કરેલ અને ત્યારથી ક્રિકેટની સફર અવિરત ચાલુ છે. પલક ઓલરાઉન્ડ છે. ફાસ્ટ બોલિંગ અને બેટીંગમાં મધ્ય ક્રમમાં આવે છે. પરિવાર હમેંશા પલકની સાથે અને પડખે રહ્યો છે.

ક્રિકેટમાં પ્રશિક્ષણ શરૂઆતમાં પ્રવિણ તાંબે સર પાસેથી લીધું અને હાલમાં મનીષરાવ સર – રણજી ટ્રોફી ખેલાડી પાસેથી લે છે. આહાર વિશે માર્ગદર્શન મનીષા કોપકર (ઓલ્મિપિક ખેલાડીઓના આહાર નિષ્ણાંત).

રમતની એના વ્યક્તિત્વ પર સકારમત્ક અસર થઈ છે. ૧૧ વર્ષની ઉમંરે જ જીવનના તથા રમતના પડકારોનો સામનો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી છે. મુંબઈની અન્ડર ૧૯ ટીમ સાથે દેશના વિવિધ શહેરોમાં ક્રિકેટ રમેલ છે.

પ્રેરણા (રોલ મોડલ) : વિરાટ કોહલી અને જસપ્રીત બુમરાહનો ક્રિકેટ પ્રત્યેનો લગાવ, કટિબધ્ધતા અને સચોટતા પલક માટે આદર્શ છે. ૨૦૧૯માં મુંબઈ માટેનો બેસ્ટ બોલર દિલીપ વેંગસકર તથા સંજય બાંગરના હસ્તે પ્રાપ્ત કરેલ. ભારતીય ક્રિકેટ ટીમની ટુર્નામેન્ટની રનર્સઅપ ટીમની તથા તજેતરમાં વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલ પ્રેસિડેન્ટ કપ ટુર્નામેન્ટની વિજેતા ટીમની સભ્ય હતી.

મુંબઈ ઈન્ડિયન્સની મહિલા ક્રિકેટ ટીમની નેટ બોલર તરીકે પસંદ કરવામાં આવી છે. મુંબઈ ક્રિકેટ એસોશિએશન ખાતે સચિન તેંડુલકર સાથેની મુલાકાત જીવનની યાદગાર ક્ષણો છે. પલક ક્રિકેટની રમતમાં વ્યવાસાયીક કારકિર્દી અપનાવવાની છે. આવનારા સમયમાં ભારતીય મહિલા ક્રિકેટરોનું ભવિષ્ય ઉજ્જવળ છે.

**સંદેશ :** પરિવારે બાળકની ક્ષમતા પર વિશ્વાસ રાખી સંપૂર્ણ સાથ આપવો જોઈએ. બાળકને ડિઝીટલ વર્લ્ડમાંથી બહાર કાઢીને આઉટ ડોર સ્પોર્ટસ અથવા બીજી રમતો રમવા પ્રોત્સાહિત કરવું જોઈએ.

કદઓ જ્ઞાતિએ હમેંશા પલકને પ્રોત્સાહિત કરી છે. જ્ઞાતિએ વિવિધ ક્ષેત્રોની કદઓ પ્રતિભાશાળી વ્યક્તિઓને ઓળખી ને એમની પ્રતિભાને પ્રોત્સાહન આપવા વ્યવસ્થિત અને નક્કર આયોજન કરવું જોઈએ. પ્રકાશ સમીક્ષા તરફથી પલકને ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભકામના.

### મહાકાળી માતાજીનું ભક્તિ ગીત

દેજે આશીર્વાદ માડી, દેજે આશીર્વાદ,
જેથી મારે ગાવા છે, માડી તારા ગુણગાન. દેજે...

પાવાગઢની રહેવાવાળી અચલગચ્છની તું રખવાળી
ખારેક બજારમાં શોભે છે, તારો દિદાર.. જેથી...

મનડું ચાહે ના કદી માયા, ઘેરાઈ સ્વાર્થની છાયા,
હે મહાકાળી મુજને દેજે પ્રેમ તણો પરસાદ... જેથી

ગાવું તારા ગીતનું ગાણું, પ્રીતની રીત કદી ના જાણું
ભુલી જાઉં કોકદી તને, સ્નેહથી કરજે યાદ... જેથી

અંજુની છે એકજ અરજી, તારી પાસે આવવાની છે મરજી
દેજે તારો સાથ માડી, પકડજે મારો હાથ... જેથી

– અ.સૌ. અંજના જયંતીલાલ ગોસર
બાયઠ–અંધેરી

**ચાલો મંજલ રેલડીયા ગામ.. ચાલો મંજલ રેલડીયા ગામ..**

**આદિ તીર્થાધિપતિનો ૧૪૧મો ધ્વજારોહણ**

**૧૮ અભિષેક, સત્તરભેદી પૂજન સહ શિખરે ધ્વજારોહણ**

પધારનાર સર્વે ગામવાસી તથા અન્ય શ્રાવક–શ્રાવિકાઓની ઉતારાની વ્યવસ્થા સામૂહિકપણે ડુમરા, રાયધણજર અતિથિભવને વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે. આપના આગમનની આગોતરી જાણ શ્રી સોમ ધરમશીં – ૯૭૨૬૭ ૭૬૭૨૭ ઉપર ફોન કરી અથવા વોટ્એપ દ્વારા જરૂરથી જણાવશોજી.

# કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનામાં ફેરફાર

**(૧) જુની સ્કીમ :** ૫૫ વરસની વય સુધી મ્યુચ્યુઅલ બેનીફીટ કવર નોર્મલ અવસાન – રૂા. ૭૫,૦૦૦/– અકસ્માત અવસાન – વધારા ના રૂા. ૭૫,૦૦૦/–

૫૫ વરસની વય બાદ ડીપોઝીટની રકમ રૂા. ૧૦૦૦ / ૨૦૦૦ જે પણ ભરી હોય તે દર સાત વર્ષની સભ્યપદ મુદતના ૨૫% પ્રમાણે (મહતમ ૧૦૦%) બોનસ સહીત પરત.

**(૨) નવી સ્કીમ :** (૧.૪.૨૦૨૩ થી) ૫૫ વરસની વય સુધી મ્યુચ્યુઅલ બેનીફીટ કવર નોર્મલ અવસાન– રૂા. ૧.૦૦ લાખ, અકસ્માતથી અવસાન– વધારાના રૂા. ૧.૦૦ લાખ.

૫૫ વરસની વય બાદ રીટાયર. રિફંડ – કંઈ પણ નહીં

**જુના સ્પોન્સર્ડ સભ્યોને નવી સ્કીમ જ લાગુ પડશે.**

નોન સ્પોન્સર્ડ સભ્યોને અમારી વિનંતી છે કે નવી સ્કીમમાં રૂા. ૧.૦૦ લાખના કવરનો લાભ લો. છતાં પણ કોઈ આવા સભ્યોને જુની સ્કીમમાં ચાલુ જ રહેવું હોય તો તા. ૩૧.૦૩.૨૦૨૩ સુધીમાં સામે આપેલ લખાણ મુજબ પત્ર લખી, સહી કરી દીપક ગંગાજર ડાઘાને ૮૭૬૭૭ ૫૩૦૮૨ પર વોટ્સઅપ કરવું. સાથે મેમ્બરશીપ સર્ટિફિકેટ પણ  વોટ્સએપ કરવી.

– દીપક ગંગાજર ડાઘા મુલુંડ
પ્રમુખ
કેડીઓ વેલ્ફેર એસોસિએશન

**કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજિક સુરક્ષા યોજનાની જુની સ્કીમમાં ચાલુ રહેવા આવેદન પત્ર ફોર્મ**

પ્રેષક :

મો. નં. :

પ્રતિ,
સેક્રેટરી
કેડીઓ વેલ્ફેર એસોસિએશન, હૈદરાબાદ.

મહોદય,
સામાજિક સુરક્ષા યોજના

હું સામાજિક સુરક્ષા યોજનાનો નોન સ્પોન્સર્ડ સભ્ય છું. મારી મેમ્બરશીપ સર્ટિફિકેટ નં ......... તા. ...........છે.

મને ૫૫ વરસની વય પછી બોનસ સહીત ડીપોઝીટની રકમ પરત મળે એવી જુની સ્કીમમાં ચાલુ રહેવું છે. હું જાણું છું અને સંમત થાઉં છું કે મારા માટે નોર્મલ તથા અકસ્માતના મ્યુચ્યુઅલ બેનીફીટ કવરની રકમ રૂા. ૧.૦૦ લાખને બદલે રૂા. ૭૫,૦૦૦/– સુધી સિમિત રહેશે.

મને ખ્યાલ છે કે ભવિષ્યમાં મને ઓપ્સન બદલવા મોકો નહીં મળે.

તમારો વિશ્વાસુ
(સહી– નામ)
તારીખ

---

## : વર્તમાન અધિકારીઓ :

(૧) દીપક ગંગાજર ડાઘા, મુલુંડ, પ્રમુખ – ૮૯૭૬૦૧૭૮૩૦, (૨) હિરેન (રાજુભાઈ) મુલજી પટેલ–મોમાયા, હૈદરાબાદ, ઉપ પ્રમુખ – ૯૩૯૧૦૦૮૪૧૩, (૩) કિરણ ઠાકરશી મૈશેરી, હૈદરાબાદ, સેક્રેટરી – ૯૮૮૫૨૧૬૮૮૬, (૪) અખિલેશ ધનજી વિકમશી, મુલુંડ, સહ સેક્રેટરી  – ૯૮૧૯૮૨૭૨૮૦, (૫) રીતેશ કિશોર ખોના, મુલુંડ, ટ્રેઝરર, – ૯૩૨૧૯૧૫૬૪૨, (૬) લહેરચંદ ટોકરશી લોડાયા, હૈદરાબાદ, સહ ટ્રેઝરર – ૯૨૪૬૫૩૧૦૬૬.

અન્ય મેનેજીંગ કમિટી મેમ્બર : (૭) ચંદ્રકાંત મોતીચંદ પટેલ નાગડા, હુબલી, (૮) શરદ હેમરાજ મોમાયા, હુબલી, (૯) ચંદ્રેશ વીરચંદ શાહ–છેડા, રાયપુર, (૧૦) ફાલ્ગુન લખમશી ખોના, ભાંડુપ, (૧૧) અજિત માલશી શાહ–લોડાયા, મુલુંડ, (૧૨) ચેતન ગોવિંદજી શાહ–નાગડા, અમદાવાદ, (૧૩) મોનિક વિનોદ ધરમશી, હૈદરાબાદ, (૧૪) ચંદ્રેશ દિનેશ નાગડા, વડોદરા, (૧૫) ભાવેશ મણીલાલ લોડાયા, હૈદરાબાદ.



# ચલતે... ચલતે...




સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭


ભાગ - ૨૯

## ''અમે ભજવેલા નાટકો (૩)''




**ઉપરના ફોટામાં ડાબેથી ઉપર સ્વ. શ્રી લક્ષ્મીચંદ લાલજી લાલકા, બાઈ, બાટલી, બાયડી નાટકનું દ્રષ્ય નીચે ડાબે મિશ્ર રાસના કલાકારો, પ્રેક્ષકગણ.**

કહ્યું છે ને કે ''લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી હોય છે.'' દિનાંક ૫-૩-૨૦૨૩નાં પ્રસિદ્ધ થનાર અંકનું આલેખન કરવા રવિવારને દિનાંક ૨૫-૨-૨૦૨૩નાં વહેલી સવારનાં ''ચા''નો મજાનો કપ લઈ ચુસકી લેતાં લેતાં **''હીરા-નેણસી''**ને ઓળખી કાઢનારાઓની નામાવલિ પર નજર ફેરવી તો સુજ્ઞ વાંચકોની સંખ્યા હવે ૬૦ વટાવી ગઈ છે. જવાબ આપનારા પણ લગભગ ૬૦ વર્ષની વય વટાવી ચૂકેલા સંનિષ્ઠ વરિષ્ઠ વાંચકગણ છે. જવાબ મોકનાર ઘણા વાંચકોએ ઉલ્લાસભેર પોતાના **''હીરા-નેણશી''**ની જોડી સાથેના સંસ્મરણો પણ ટુંકમાં મોકલ્યા છે અને કેટલાકે ઉષ્માભર્યા સંવેદનોથી વોટ્સએપને છલકાવ્યા છે. એ સૌ નો પ્રથમ હૃદયપૂર્વક આભાર... (એમને પારિતોષિક ૨૫ માર્ચ સુધી મોકલી આપવામાં આવશે.)

ભાગ ૨૭માં છપાયેલ ફોટો **''બાઈ બાટલી અને બાયડી''** નાટકનો છે જે **શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ**નાં ૧૩માં વાર્ષિકોત્સવ અને ઉચ્ચ શિક્ષણ સન્માન સમારોહમાં ભજવવામાં આવેલ જેની વિગતવાર નોંધ **પ્રકાશ-સમીક્ષા**નાં વર્ષ ૪૬, અંક-૧૨નાં પાના નંબર-૩૫૧ પર લેવાઈ છે. એ પાનાની ફોટોકોપી ફરીથી પ્ર.સા.ના અત્યારના અંકમાં છાપવાની બેહદ ઈચ્છા હતી પણ વાંચી શકવાની શક્યતા ઓછી હોવાથી એ અહેવાલને સંકલિત કરી વાંચકોની જાણ માટે જરૂરી ફકરા જ ઉતારૂં છું.

(પ્ર.સા.નાં પાના નંબર ૩૫૧માંથી લીધેલ સંકલીત નોંધ આભાર સહિત.)

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ (મુંબઈ)**
**૧૩મો વાર્ષિકોત્સવ અને ઉચ્ચ શિક્ષણ સન્માન સમારંભ**

તા. ૨૩-૭-૬૭ના પોદાર કોલેજ હોલ (માટુંગા)માં વાર્ષિકોત્સવ **શ્રી લક્ષ્મીચંદ લાલજી લાલકા (લાલા-પૂના)**ના અધ્યક્ષપદે ઉજવાયો.

શરૂઆતના કુ. રેખા કોઠારીના પૂજા નૃત્ય, શ્રી છેલશંકર દવેના ગીતો, કુ. મંદાકિની ખેતશી મોમાયાનું ભારત નાટ્યમ, માછીનૃત્ય તથા મીમીક્રીની હળવી રજુઆતે વાતાવરણમાં ઉત્સાહનું મોજું આણી દીધું હતું.

સંઘના ઉપપ્રમુખ **શ્રી વીરચંદ ધનજી હેફા (સુથરી-યુ.એસ.એ.)**એ ઈનામી વિતરણ પ્રસંગે સૌને આવકાર આપ્યો, ત્યારબાદ પ્રમુખ **શ્રી નરેન્દ્રકુમાર લાલજી લોડાયા**એ સંઘની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવા સાથે જ્ઞાતિના આગેવાનોને ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ શરૂ કરવા આગ્રહભરી વિજ્ઞપ્તિ કરી હતી તથા વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિઓ માટે સ્વતંત્ર કાર્યાલયની આવશ્યકતાનો ઉલ્લેખ કર્યો હતો.

સમારંભના પ્રમુખશ્રી લક્ષ્મીચંદ લાલજી લાલકાએ એસ.એસ.સી. તથા ઉચ્ચ પરિક્ષાઓમાં સફળ થયેલા

(વધુ પેજ નંબર ૧૧ પર...)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). અનુભવ શ્રેષ્ઠ શિક્ષક છે.**

# U M KHONA AND COMPANY

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

## COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

**www.umkhona.com**

**CB: 11/189**

(પેજ નંબર ૯ પરથી ચાલુ....)

વિદ્યાર્થીઓને પારીતોષિક અર્પણ કર્યા હતા. જ્ઞાતિમાં એસ.એસ.સી.માં પ્રથમ શ્રી જીતેન્દ્ર પુનશીં શાહ (અમરાવતી) ૭૮.૧૩, દ્વિતીય શ્રી રમેશ ચાંપશી લુઢિયા (કોચીન) ૭૧.૬૬ અને તૃતીય શ્રી ચંદ્રકાંત માણેકજી લોડાયા (કોચીન) ૬૮.૬૬ તથા જ્ઞાતિમાં બહેનોમાં પ્રથમ કુ. દેવબાળા ખેતશી દંડ (ખામગામ) ૬૭.૬ જાહેર કરવામાં આવ્યા હતા.

**શ્રી લક્ષ્મીચંદ લાલજી લાલકા**એ સંઘની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતાં સંસ્થાની પ્રવૃત્તિઓમાં ક્યાંય ખામી જણાય તો તે અંગે જાહેરમાં ટીકા કરવાની ટેવ કાઢી નાખવા અને ખામીને અંગત રાગદ્વેષની નજરે ન જોતાં દરેક કાર્યમાં સહકાર આપી સંઘ ભાવના પ્રબળ બનાવવા ભલામણ કરી હતી.

વિરામ બાદ કાર્યક્રમની ઉત્તમકૃતિ કચ્છી પ્રહસન એકાંકી **'બાઈ, બાટલી, બાયડી'** શ્રી સોમચંદ ધરમશીં દિગ્દર્શન હેઠળ રજુ કરવામાં આવી હતી, જેમાં **શ્રીમતી હીરાબેન ખોના, સ્વ. શ્રી નેણશી દેવશી ખોના** તથા **શ્રી સોમચંદ ધરમશીં**નો અભિનય સૌની પ્રશંસા મેળવી ગયો.

(પ્ર.સા.માં આ સમાચાર વિગતવાર છાપવા બદલ તે વખતના પ્રકાશ-સમીક્ષાનાં વિચારક, નીડર સફળ તંત્રીશ્રી સ્વ. સનત શાહ નો ઋણી છું.)

મેં જ્યારે **હીરા-નેણશી-કિશોર ખોના**ની સંગાથે નાટકમાં ભાગ લેવાનું શરુ કર્યું તે પહેલા મારી નિશાળ **'બાઈ કબીબાઈ હાઈસ્કુલ'** (ફોટ-હોલીચકલા)માં ૧૯૫૩-૫૪માં મહાભારતનાં એક નાટકમાં ભાગ લીધેલ. મારું શરીર સૌષ્ઠવ સારું હોવાના કારણે માસ્ટર અનંત વીણ સાહેબે ''હિડીમ્બા-ભીમની પત્ની''નાં પાત્ર માટે મને પસંદ કરેલ. પ્રથમ વખત જ નાટકમાં પાત્ર ભજવવા ''ઘાઘરી-પોલકી'' સીવડાવેલ. પાત્ર બહું નાનું હતું અને બે-ચાર સંવાદો જ બોલવાના હતા. પણ ઘાઘરી પહેરવાનો મહાવરો ન હોવાના કારણે સતત મારો હાથ ઘાઘરીની ''દોર'' તો અકબંધ છે, ખુલી તો નથી ગઈ ને ? તેના પર હતો. જે માટે પાછળથી માસ્ટર અનંત વીણ પાસેથી મેથીપાક મળેલ. તે પછી શાળામાં કોઈપણ નાટકમાં ભાગ લેવા મળેલ નહીં.

માસ્ટર અનંત વીણ સાહેબ જુની રંગભૂમિ દેશી નાટક સમાજનાં એક અચ્છા કલાકાર હતા. તેઓશ્રી તથા શ્રી છગન રોમિયો રમુજી પાત્રો ભજવતા. શ્રી છગન રોમિયો કોઈપણ અભિનેત્રી સાથે ''ગુડબાય, ગુડ બાય, ટાટા ટ ટા, આંખો પર બાંધ્યા છે અવળા પાટા'' ગાતા ત્યારે ''વન્સમોર'' પડતી અને પૈસાનો વરસાદ...

કોલેજ કાળમાં સિડ્નહામમાં શ્રી ગુજરાતી સાહિત્ય મંડળનાં ઉપક્રમે બે નાટકમાં ભાગ લીધેલ. (૧) પ્રેમ આંધળો છે, (૨) આટા-પાટા. આજે નાટકનું નામ સ્મૃતિ પટ પર ખોતરીને મળ્યુ છે પણ એ નાટકનાં ફોટા ક્યાં પણ જડતા નથી. પાત્રો માનસપટ પરથી અદ્દશ્ય થયા છે પણ ગુજરાતી રંગભૂમિનાં કલાકાર શ્રી કિશોર ભટે દિગ્દર્શન કરેલ તે યાદ છે.

તે પછી મારા સ્વ. પત્ની શ્રી ડૉ. છાયા ધરમશી ને મેળવવા ઘણા નાટક કરવા પડેલા પણ वो बात फिर कभी...!!

હીરા-નેણશી સાથે પ્રથમ નાટકમાં મને લેવામાં આવ્યો તે હતો ''માફ કરજો આ નાટક નહીં ભજવાય'' તે જમાનામાં ઈન્ટર કોલેજીએટ નાટ્યસ્પર્ધા યોજાતી અને શ્રીમતી રંભાબેન ગાંધી અને શ્રી પ્રબોધ જોષીનાં નાટકો ભજવાતાં. ''માફ કરજો''નાં લેખક હતા શ્રી પ્રબોધ જોષી, ફલોરા ફાઉન્ટન પર આવેલ સેન્ટ્રલ બેંક અને શેરબજાર પાસે આવેલ ''મદ્રાસ કાફે''માં સાંજના તેમની બેઠક. અહીંથી નવી રંગભૂમિનાં ઘણા કલાકારો સ્ટેજ સુધી પહોંચ્યા, જેમ કે સ્વ.શ્રી પ્રવિણ જોષી, શ્રી કાંતિ મડીયા, શ્રી નૌશીર ખટાઉ, શ્રી જગદીશ શાહ તેમજ બીજા અનેક... પણ એ સંસ્મરણો મમળાવીશું આવતા અંકમાં...



**બાઈ, બાટલી, બાયડી નાટકના કલાકારો
ડાબેથી કુ. દિલશાઝબેન, સ્વ.શ્રી નેણશી ખોના, શ્રી સોમ ધરમશી.**

# શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસૂરિ સ્મારક ટ્રસ્ટ

## પાવાગઢ યાત્રા - ગુરૂવંદના આમંત્રણ

મુંબઈ અનંતનાથજી દેરાસરજી ઉપાશ્રય સ્થાને ૪૫ વરસથી મુંબઈ મહાજન-ટ્રસ્ટ પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી શ્રીજી મહારાજ સાહેબને યતિ ગાદી સ્થાને બિરાજીત કરેલ અને ૪૦ વરસ પહેલા દબદબાથી દિક્ષા અપાવેલ. વૈશાખ સુદ ૧૦ શનિવાર તા. ૨૯.૪.૨૩ના દિક્ષાદિન. ભાવિકો-ગુરૂભક્તોની ભાવના યતિશ્રી સાથે સમુહયાત્રા પાવાગઢ માના દર્શન કરવા આપ સૌ ૨૯.૪.૨૩ શનિવાર સવારના ૭ કલાકે પાવાગઢ ધર્મશાળા પધારશો. સવારના નવકારશી, સ્નાન, પૂજા કરી ચિંતામણીદાદાના દર્શન. પૂજ્ય યતિશ્રીથી માંગલિક આશીર્વચનથી સવારે ૮.૩૦ સાધનો રોપવેથી માના દર્શન, પરત ધર્મશાળામાં. બપોર ભોજન બાદ બે કલાકે વડોદરા-વાઘોડીયા શ્રી ભાવેશ લોડાયાના રીસોર્ટમાં મહાકાલી પૂજન, ગુરૂવંદના, ભક્તિ ભાવના બાદ પહેડી પ્રસાદ, ચૌવિહાર આનો લાભ માતુશ્રી ઉષાબેન ખીરેન્દ્ર લોડાયા મામા પરિવારે લીધેલ છે. ખૂબ ખૂબ અનુમોદના. ભક્તિ સંગીત માટે શ્રી હંસકુમાર મૈશેરી-મનરાજા સ્થાનિક કલાકારો, માના ગીતોની રમઝટ રેલાવશે. આપ પાવાગઢ કેટલી સંખ્યામાં પધારશો જેની જાણ શ્રી શાંતિલાલભાઈ-૯૮૨૪૦૧૨૯૭૧ અને ૯૮૨૫૮૦૨૪૮૦ કરવી જેથી વાહન, રોપવે, નવકારશી, ભોજન અને રિસોર્ટ જવા વાહનની સુગમતા રહે. વડોદરાના ગુરૂભક્તોએ સુંદર આયોજન કરેલ છે. સવારના દાદર(મુંબઈ) થી વડોદરા એક્સપ્રેસ અને ભુજથી સયાજી અને પૂરી ટ્રેન ઉપર બસની વ્યવસ્થા છે. બાકી પોતે પાવાગઢ આવી જશો. પૂજન-ગુરૂવંદના-ભક્તિસંગીત, યુ-ટ્યુબ ૩ થી ૫ માણી શકશો. લીંક ૧ દિવસ પહેલા ઉપરોક્ત નંબરથી મેળવી લેશો. મહાકાલી યાત્રા પ્રવાસ શનિવાર તા. ૨૯.૪.૨૦૨૩ સવારના ૯ થી. નૂતનીકરણ થયેલ માના વિશાળ રંગમંડપમાં દર્શન-વંદન-ભક્તિભાવનામાં પૂજ્યશ્રી સાથે રહી થયેલ વ્યવસ્થામાં માના દર્શન માણી શકશો. યાત્રિકો સાથે રહેશો. જય જય મહાકાલી મા.

**- હર્ષવર્ધન શ્રીપૂજ ટ્રસ્ટના ટ્રસ્ટીના જય મહાકાલી**


।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ।।

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૯૩૨૪૦ ૧૭૩૪૫**

**ગાય અને ભેંસનું શુધ્ધ ઘી**

**સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર**

**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે**

એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં
ઉપલબ્ધ

ફ્રી હોમ ડિલીવરી

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖

કે.ડી.ઓ. સમાજનું એમ્બ્રો. માટે જુનું અને જાણીતું નામ

**શ્રી મહાવીર-માટુંગા**

- સાચી જરીની ૬૦ વરસથી વધારે જુની આઈટમનાં રનીંગ ભાવથી વધારે ભાવથી લઈશું.
- સાચા-ઘરચોળા-કસબની બોર્ડર
- જીક-કસબ-ટીલીની સાચી જરીની સાડીઓ
- ચણીયા ચોલી
- સાચા ટીસ્યુ બનારસી સેલા વજનથી
- સાચા અસલી-કોટ-ટોપી-બ્લાઉઝ Ex. ભાવથી
- ડાયરેક્ટ કારીગર - તરત જ ફાઈનલ
- જુના ગારા-X સ્ટીચ X કચ્છી ભરત જુના ચણીયા લઈશું.

**પારસી હાથ અને મશીન તૈયાર સાડીઓ કુર્તા, ચણીયા ચોલી-દુપટ્ટા તૈયાર તેમજ ઓર્ડરથી બટકસબ મશીનની સાડીઓ**

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં,
ફુલ ગલીની સામે, માટુંગા સે.રે. ટે.: ૨૪૦૨૫૦૭૦
૮૬૫૨૨ ૩૯૫૩૭/૯૮૩૩૯૧૬૫૧૦

**સોમવારે બંધ**

❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖ મહાવીર-માટુંગા ❖

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૩-૨૦૨૩

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) સત્તર ભેદી પૂજામાં........ પૂજા પાંચ વાર આવે (૨)
૨) પર્યુષણમાં બધા દિવસો પોષધ કરવાને કહેવાય (૬)
૫) સુવિધિનાથના કેટલા નામ ? (૧)
૬) દેવલોક કેટલા ? (૨)
૭) ક્ષીર સમુદ્ર એ શું છે (૨)
૮) મણીભદ્રવીરનું એક સ્થાનક જ્યાં પિંડ પૂજાય છે (૫)
૯) જૈનોના જીવનનું ......... હમેશાં મોક્ષ હોય (૨)
૧૧) ગૌતમ સ્વામી આ શ્રાવકને મિચ્છામીદુક્કડમ કરવા ગયા હતા (૩)
૧૨) આ શ્રાવકે ઉપાશ્રયમાં રત્ન જડાવી સાધુ ભગવંતને રાતના લખવાની સગવડ કરી આપી (૩)
૧૪) વીસ વિહરમાન માંના એક (૫)
૧૬) જૈનો મંત્રોચારથી પોતાનું ...... કવચ કરી શકે (૨)
૧૭) કથા તિર્થંકરના ચાર કલ્યાણક કાકંદીમાં થયા છે (૫)
૧૮) ભામાશા એ ..... નો મહિમા વધાર્યો (૨)
૨૦) પ્રભુને પૂજા કરતાં તેર અંગે ...... થાય (૩)
૨૧) નવકાર ગણવાની .... ની માળા સૌથી શ્રેષ્ઠ ગણાય (૩)
૨૨) કલ્પવૃક્ષ કેટલા પ્રકારના હોય (૨)
૨૪) નેમિનાથનું બીજું નામ (૫)
૨૫) યુગલીની યુગલ સંતાનને આયુષ્યના કેટલા માસ બાકી હોય ત્યારે જન્મ આપે (૧)

**ઊભી ચાવીઓ :**

૧) આદીનાથને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું તે ભૂમિ (૫)
૨) ચોરવાડી પાર્શ્વનાથનું સરનામું (૪)
૩) પ્રભુની એક પૂજા જલ અને દૂધથી થાય (૩)
૪) ગચ્છ પ્રમાણે પ્રભુજીની પૂજાની ......... અલગ હોય છે (૨)
૬) શ્રાવણ બલગોડામાં પ્રભુનો અભિષેક કેટલા વર્ષે થાય (૨)
૧૦) મહાવીર સ્વામીનો પચ્ચીસમો ભવ (૩)
૧૧) દંતાણી જેમનું જન્મ સ્થળ હતું તે આચાર્ય (૭)
૧૩) કલાપ્રભસાગરસૂરીશ્વરજી અચલગચ્છના ..... છે (૫)
૧૪) હું છું .... મારો જાલજો રે હાથ (૩)
૧૫) ચંદ્રશેખર મહારાજની ગુરુકુલ (૪)
૧૭) મયણાની બહેન (૫)
૧૯) એક અભક્ષ્ય (૩)
૨૩) આદેશ્વરના પૌત્ર (૨)

---

**ધર્મસંદેશ - ૫.૦૨.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) અજીતનાથ (૪) નમણ (૫) અપકાય (૭) નામ (૮) રાવણ (૯) બે (૧૦) ધજા (૧૧) સ્તુતિ (૧૬) બે (૧૭) કળા (૧૮) ચંદરવો (૨૦) અચલગચ્છ (૨૩) શુભ (૨૪) ક્ષતિ (૨૬) નરક (૨૭) ભય (૨૮) આબુ (૨૯) રથ (૩૦) ચોખા (૩૧) વામાદેવી (૩૨) ખીમા (૩૩) જિતારી (૩૪) વર (૩૫) સતી. **ઊભી ચાવીઓ :** (૧) અરનાથ (૨) નાભિરાજા (૩) જાપ (૪) નય (૫) અણસ્તુ (૬) કાયા (૧૨) તિર્યંચ (૧૩) છ (૧૪) માળા (૧૫) વદ (૧૭) કચ્છ (૧૮) ચંદ્રાનન (૧૯) રત્નાકરસૂરી (૨૦) અભયકુમાર (૨૧) લક્ષ (૨૨) ગતિ (૨૩) શુભ (૨૫) જંબુકુમાર (૩૦) ચોવીસ (૩૧) વાવ.

---

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી સુપાર્શ્વનાથાય નમઃ || || શ્રી કેશરીયા આદિનાથાય નમઃ ||

|| શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમઃ ||

# ૪૫૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થની દસમી ધ્વજારોહણ - સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું

# આમંત્રણમ્

**દિવ્ય આશિષ :** શાસનસમ્રાટ્-રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
તપચક્રચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ કૃપા-પ્રેરણા :** મોડપર તીર્થ જીર્ણોધ્ધારક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**વિધિકાર અને સંગીતકાર :** શ્રી જીતુભાઈ નાયક અને શ્રી હાર્દિક શાહ એન્ડ પાર્ટી પાટણવાલા

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

### પ્રથમ દિવસ : સંવત ૨૦૭૯, જેઠ સુદ ૭, શુક્રવાર, તા. ૨૬-૦૫-૨૦૨૩

સવારે ૮.૦૧ કલાકે : શ્રી ૧૦૮ પદ્માવતી માતાજીનું પૂજન
માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવકભરૂડીયા-મુલુંડ)
હસ્તે : મધુબેન રતીલાલ અનમ, સંગીતા કિશોર લાપસીયા,
મનિષા (ટિના) અલ્પેશ કોઠારી, નીશા ધર્મેશ લાપસીયા, છાયા પિયુષ દંડ,
પ્રિયંકા નિખીલ ધુલ્લા, ખુશબુ ચીરાગ ધુલ્લા, પ્રિયા વિરલ દંડ, તન્વી નિરજ લાપસીયા,
હેમાંશી ચીરાગ શાહ, ધવલ કિશોર લાપસીયા

બપોરના ૧ થી ૨ કલાકે : સાધર્મિકભક્તિ — બપોરના ૨.૩૦ કલાકે : અઢાર અભિષેકની ઉછામણીઓ

બપોરે ૩.૦૦ કલાકે : અભિષેક — સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર

સાંજના ૭.૦૦ કલાકે : ભાવના, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તા. ૨૭-૦૫-૨૦૨૩ માટે

### દ્વિતીય દિવસ : સંવત ૨૦૭૯, જેઠ સુદ ૮, શનિવાર, તા. ૨૭-૦૫-૨૦૨૩

સવારના ૮.૦૦ કલાકે : નવકારશી

સવારના ૯.૦૦ કલાકે : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે ધ્વજારોહણ

બપોરના ૧૨.૩૦ કલાકે : આરતી, મંગલદીવો, ઉછામણી-નકરા-ચડાવા, બહુમાન

બપોરના ૧.૦૦ કલાકે : સાધર્મિકભક્તિ

સાંજના ૫.૩૦ કલાકે : ચૌવિહાર

### બંન્ને દિવસના સાધર્મિક ભક્તિના દાતા

માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)

હસ્તે : હેમલતા મહેન્દ્ર દંડ, ઉર્મીલા અશોક દંડ, સંગીતા રાજેશ દંડ, ભાવના વનરાજ ધુલ્લા વર્ષીતપ નિમિત્તે

## ધ્વજારોહણના લાભાર્થી

- **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ)
  હસ્તે : પ્રિયાંક, અકીરા, નિયતી, પ્રથમેશ, તરેન, દમીત, પીહાન, પ્રથમ, સાનવી
- **૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  માતુશ્રી પાનબાઈ લક્ષ્મીચંદ દૌલત પરિવાર (સેવક ભરૂડીયા-મુલુંડ) હસ્તે : શ્રીમતી વર્ષા નરેશ દૌલત
- **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :**
  માતુશ્રી જયાબેન દામજી લોડાયા પરિવાર હસ્તે : અ.સૌ. મિના દિલીપ લોડાયા (નાની ખાવડી-થાણા)

વધુ વિગત બાજુના પાના ઉપર ⟶

UPASANA-9820167767

# ૧૮ અભિષેકની ઉછામણી ચડાવા રૂપિયામાં બોલવામાં આવશે.

૧ થી ૧૮ ચડાવા શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને ૪ ભગવાનના સાથે તેમજ ૧ થી ૧૮ ચડાવા શ્રી દાદા કેસરીયા આદિનાથ દાદાનો ચડાવો લેનાર લાભાર્થી પરિવાર આમ ટોટલ ૩૬ ચડાવા લેવામાં આવશે.૧૮ અભિષેક દરમ્યાન સુર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી મંગળદીવો વિ. ચડાવા લેવામાં આવશે.

સર્વસાધારણ ફંડમાં વાર્ષિક રૂા. ૨,૭૦૦/-નો નકરો તેમજ ભોજનશાળા જીવદયામાં ફંડ લખાવી શકો છો. રકમ લખાવી રકમ આપી રસીદ મેળવી લેવી.

વાર્ષીક અષ્ટપ્રકારી આઠ પુજાનો ચડાવો પણ રૂપિયામાં રહેશે. (૧) વાક્ષેપ પુજા (૨) પક્ષાલ પુજા (૩) અંગ લુછણા (૪) બ્રાસ પુજા (૫) કેસર પુજા (૬) પુષ્પ પુજા (૭) ધુપ પુજા (૮) દિપક પુજા તેમજ આવતી ત્રણે ધ્વજાનો ચડાવાનો આદેશ અપાશે.

શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા, ૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા તથા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિરની ધ્વજાના ચડાવો પણ લેવામાં આવશે.

**દરેક ચડાવાની વહેતી ઓફર વૉટસએપના માધ્યમથી શરૂ કરવામાં આવશે અને આખરી આદેશ મોડપર મુકામે આપવામાં આવશે. આપ સર્વે સાથ-સહકાર આપી કોઈ ભૂલચૂક થાય તો ક્ષમા કરશો.**

**વધુ વિગત માટે સંપર્ક :**

જીવરાજ કે. નાગડા (કન્વીનર) ૯૩૨૦૦ ૮૬૮૮૭ નરેન્દ્ર કે. ધરમશી (કન્વીનર) ૯૮૨૦૧ ૩૧૬૩૬

## નિમંત્રણ:

આ શુભ પ્રસંગે અચલગચ્છના તેમજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનો, દલતુંગી, સેવક ભરૂડીયા, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી તેમજ જામનગરના સર્વે ગામ પ્રમુખો-મોવડીઓ, શ્રાવક-શ્રાવિકાઓ સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આજુબાજુના ગામવાસીઓને આવવા-જવવા માટે વાહન વ્યવહારનો ખર્ચ (ફક્ત ધ્વજાના દિવસે તા.૨૭-૦૫-૨૩) સંઘ તરફથી આપવામાં આવશે.

● લી. ●

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકારના જયજિનેન્દ્ર !**

સંપર્ક : શ્રી નિતીન ધરમશી મો. : ૯૮૯૨૯ ૫૦૮૧૪ / ૯૦૮૨૭ ૫૮૫૦૮

UPASANA-9820167767

---

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ: ।। ।। શ્રી સુપાર્શ્વનાથાય નમ: ।। ।। શ્રી કેસરિયા આદિનાથાય નમ: ।।

# શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

ટ્રસ્ટ રજી. નંબર : A-૯૪૬ (જામનગર) ● PAN No. : AABTS8615C

મુ. પો. મોડપર, તા. લાલપર, જી. જામનગર, સૌરાષ્ટ્ર, ગુજરાત - ૩૬૧ ૨૮૦.

## મોડપર આરામગૃહ

મુંબઈ,
તા. ૦૧-૦૩-૨૦૨૩

શ્રી મોડપર નગરે, શ્રી સુપાર્શ્વનાથ દાદા અને શ્રી કેસરીયા આદીનાથ દાદાની છત્રછાયામાં કુદરતના હરયાળી શાંત વાતાવરણમાં આજે જીવનની સંધ્યાએ પહોંચેલા ભાઈઓ / બહેનો અને વડીલોને રહેવા, જમવા વગેરેની નિ:શુલ્ક સગવડ મોડપર મુકામે ૧ મહિનાથી વધારે સમય માટે આપવામાં આવશે.

આપને દરરોજ દેરાસરના દર્શન, સેવા, પૂજા, ભાવના, સામાયીક, પ્રતિક્રમણ આદિ કરવાનો લાભ મળશે. સવારે ચા-પાણી, નવકારશી, બપોરે જમણ, ચા-પાણી, ચૌવિહાર વગેરેની નિ:શુલ્ક સગવડ સંઘ તરફથી કરવામાં આવશે. વિશાળ ઉપાશ્રય, ગુરૂમંદિર અને હવા ઉજાસવાળા રૂમોમાં પાણી વગેરે સગવડો ઉપલબ્ધ કરાશે. (કોઈપણ મેડિકલ ઈસ્યુ માટે ટ્રસ્ટ જવાબદાર નથી) માટે આવનાર યાત્રિકો મહેમાન શારીરિક રીતે સુખાકારી ભોગવતા જરૂરી છે.

**આ સુવિધા શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના અચલગચ્છની સમાચારી પાળનાર સર્વેને હાલમાં મર્યાદિત સંખ્યામાં પૂરી પાડવામાં આવશે. આપ આ બાબત સંઘના ટ્રસ્ટીઓને સંપર્ક કરી શકો છો.**

શ્રી જીવરાજ કીલાચંદ નાગડા
(ઉપ પ્રમુખ/ટ્રસ્ટી/કન્વીનર)
૯૮૨૦૦ ૮૬૮૮૭

આ શુભ ઈરાદાથી શરૂઆત કરવામાં આવે છે જેથી કરીને ૪૫૦ વર્ષથી અધિક પ્રાચીન તીર્થનો વિકાસ થાય અને અવરજવર વધે તો સગવડો વધારતા જવાય. આ યોજનામાં જરૂરીયાત અનુસાર ફેરફાર કરવાનો હક્ક ટ્રસ્ટ બોર્ડનો રહેશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

**લી. શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ, કારોબારી સભ્યો અને સલાહકારના જયજિનેન્દ્ર !**

સંપર્ક : નિત્તીનભાઈ - ૯૮૯૨૯ ૫૦૮૧૪

UPASANA-9820167767

# કચ્છમાં પ્રબોધ મુનવરનાં માર્ગદર્શન હેઠળ ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ

**માનવજ્યોત સંસ્થાના માધ્યમથી અત્યાર સુધીમાં તેમના દ્વારા થયેલ પ્રવૃત્તિઓના પ્રાથમિક આંકડા નીચે મુજબ છે.**

- ૬૧૭ બિનવારસ લાસોની અંતિમક્રિયા કરવામાં આવી છે.
- ૧૪૦૦ રખડતા-ભટકતા માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડાયા છે.
- ૮૯૦૫ વ્યક્તિઓને બસ-ટ્રેનનાં ટીકીટ ભાડા આપી ઘર સુધી પહોંચાડાયા છે.
- ૪૨૧ યુવતીઓ-મહિલાઓ ઘરકંકાસથી અચાનક ભુજ પહોંચેલી તેમને સમાધાન સાથે ઘરે પહોંચાડાઇ.
- ૨૫ તાજા જન્મેલા બાળકો મળ્યા. ૧૩ ને બચાવી લેવાયા. ૧૨ મૃત હાલતમાં મળ્યા હતા.
- ૨૧૬ ગુમ થયેલા બાળકોને શોધી આપી પરિવાર સાથે ફેર મિલન કરાવાયું છે.
- ૪૪૮ દિવ્યાંગોને ટ્રાયસિકલો અર્પણ કરાઇ છે.
- ૫૧૧ વિધવા મહિલાઓને સિવણ મશીન અર્પણ કરાયા છે.
- ૨૨૧ વૃદ્ધોને ઘર શોધી આપી ઘરે પહોંચતા કરાયા છે.
- ૩૬ મહિલાઓને આપઘાતમાંથી ઉગારવામાં આવેલ છે.
- ૪૮ મહિલા, પુરૂષો, યુવક, યુવતીઓની લાસો તળાવમાંથી સંસ્થાએ કાઢી છે
- દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં પક્ષીઓ માટે પાણી પીવાનાં ૧૫ હજાર કુંડાઓનું વિતરણ. પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા.
- દર વર્ષે ચકલીઓ માટે સુરક્ષિત ૧૦ હજાર ચકલીઘરોનું વિતરણ. ચકલીઓને રહેવા માટે રૂપકડું ચકલીઘર હવે ઘરોઘર પહોંચ્યું છે.
- પ્લાસ્ટીકની થેલીઓ અને ઝબલાનું દુષણ દુર કરવા, ગૌમાતાને બચાવવા, દર વર્ષે ૧૨ હજાર કાપડની થેલીઓનું વિતરણ.
- ભુજ શહેરનાં એકલા-અટુલા-નિરાધાર ૧૦૦ વૃદ્ધોને નાત-જાતનાં ભેદભાવ વિનાં દરરોજ તેમનાં ઘરે જઇ નિઃશુલ્ક ભોજન ટીફીન દ્વારા પહોંચાડવામાં આવે છે.
- વહેલી સવારે કચરાપેટીઓમાં ઉતરી, પસ્તી-પ્લાસ્ટીક-ભંગાર વીણી તેને વેંચી અને પોતાનાં પરિવારને દરરોજ ૨૦ થી ૩૦ રૂપિયા કમાવી આપતા બાળશ્રમયોગીઓને અક્ષરજ્ઞાન આપવામાં આવેછે. સંસ્થાની બે સ્કુલોમાં આવા ૪૫૦ બાળકોને વાંચતા-લખતા શીખાડી સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવવામાં આવ્યો છે. બાળ મજુરોને શોધી શોધીને અક્ષરદાન આપવામાં આવે છે.
- ગાય માતાઓ માટે પાણી પીવા સિમેન્ટની ૨૦૦ થી વધુ કુંડીઓ શહેરમાં ગોઠવવામાં આવી છે. ગાય માતાને પણ આવી કુંડીઓ દ્વારા કાળઝરતી ગરમીમાં પીવાનું પાણી મળી રહે છે.
- શ્વાનો માટે પાણી પીવાની દર વર્ષે ૧૫૦૦ થી વધુ સિમેન્ટની ચાડીઓ ગોઠવવામાં આવે છે. શ્વાનો પણ પોતાની પ્યાસ બુઝાવી શકે છે.
- દરરોજ ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા, માછલીઓને લોટ નાખવામાં આવે છે. તથા કીડીયારો પૂરવામાં આવે છે.
- ચોમાસાની શરૂઆતમાં ઝુંપડા અને ભુંગાઓમાં રહેતા પરિવારોને પ્લાસ્ટીક કાગળો અને તાલપત્રીઓનું વિતરણ કરવામાં આવે છે.
- શિયાળાનાં પ્રારભે ઠંડીમાં ઠુંઠવાતા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવે છે. રાત્રે ખુલ્લામાં સૂતેલા લોકોને ધાબળા ઓઢાળવામાં આવે છે.
- ઉનાળાનાં બળબળતા તાપમાં ફરતા બાળકોને પગરખાઓ વિતરણ કરવામાં આવે છે.
- ઉનાળાની કાળઝરતી ગરમીમાં દરરોજ શ્રમજીવીકોને છાસ વિતરણ કરવામાં આવે છે.
- વધુને વધુ વૃક્ષારોપણ કરવામાં આવે છે. લીંબોડી બિજનું વાવેતર કરવામાં આવે છે.
- દર વર્ષે ઉનાળાની કાળઝરતી ગરમીમાં ગરીબોના ઝુંપડે જઇ ઠંડા પાણીના માટીના માટલા વિતરણ કરવામાં આવે છે.
- પ્રસંગોપાત સમાજવાડીઓમાંથી વધી પડેલી રસોઇ એકઠી કરી ગરીબોના ઝુંપડે વિતરણ કરવામાં આવે છે. જે રસોઇમાંથી દર વર્ષે અઢી લાખથી વધુ લોકોના પેટનો ખાડો પુરાય છે. અને અન્નનો બગાડ અટકે છે.

માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજની વર્ષ ૨૦૦૩ માં સ્થાપનાં કરવામાં આવી. માનવજ્યોત-ભુજ દ્વારા અત્યારે ૪૯ જેટલી સેવાકીય પ્રવૃત્તિઓ કચ્છભરમાં ચાલી રહી છે. શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં ભુમિદાતા શ્રી વાસુદેવભાઇ રામદાસ ઠક્કર - ભુજ છે. જયારે મુખ્ય દાતા શ્રીમતિ મંજુલાબેન મહેન્દ્રભાઇ સંગોઇ ટોળા-કચ્છ હાલે પાર્લા મુંબઇ છે. પ્રબોધ મુનવરની આગેવાની હેઠળ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જરૂરતમંદ લોકો સુધી પહોંચી છે.

સૌજન્ય : જયેશ લોડાયા - ભુજ

# અત્યાર સુધી મળેલ એવોર્ડોની વિગત

- ગુજરાત સરકારશ્રીનો ''જાહેર સુખાકારી પ્રવૃત્તિઓ માટેનો એવોર્ડ, (૨૦૧૨ ના વર્ષનો) પ્રબોધભાઇને સાંસ્કૃતિક અને રમતગમત વિભાગના મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલા હસ્તે અર્પણ થયેલો.
- 'કચ્છ ઉમંગ' નો ૨૦૧૧ નો ''કચ્છ ગૌરવ એવોર્ડ'' એમને અર્પણ કરાયો.
- 'કચ્છ શક્તિ' નો 'રાષ્ટ્રીય એવોર્ડ' ૨૦૧૨ માં ઉમદા સેવાઓ બદલ મળ્યો.
- વિશ્વ સેવા પરિષદ દિલ્હીનો ''રાષ્ટ્રીય સેવારત્ન એવોર્ડ,, ૨૦૧૩માં મળ્યો.
- વર્ષ ૨૦૧૪ માં ભુજ કચ્છની અનેક સંસ્થાઓ, રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કચેરીઓ દ્વારા એમને 'સન્માનપત્રો' અર્પણ થયા.



પ્રબોધ એચ. મુનવર (કોઠારા)
હાલે વર્ધમાનનગર-કચ્છ
સંપર્ક : મો. ૯૯૨૫૧૬૯૮૭૬

- કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ''વાયબ્રન્ટ કચ્છ-૨૦૧૫,, નો એવોર્ડ, રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે અર્પણ થયો.
- વર્ષ-૨૦૧૬ માં કચ્છ જિલ્લા કલેકટર શ્રી દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ.
- વર્ષ -૨૦૧૬માં નેહરૂ યુવા કેન્દ્ર, ક્રિડા અને યુવક કલ્યાણ મંત્રાલય ભારત સરકાર સંલગ્નીત પદ્મ શ્રી ડો. મણિભાઇ દેસાઇ માનવસેવા ટ્રસ્ટ પૂના દ્વારા, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ જયંતિ નિમિતે ભારતરત્ન ડો. એ.પી.જે. અબ્દુલ કલામ ''રાષ્ટ્ર રત્ન એવોર્ડ અર્પણ થયો.
- વર્ષ-૨૦૧૬-૨૦૧૭ માં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ગુજરાતના બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર રહ્યા છે.
- વર્ષ-૨૦૧૭ ઇન્ટરનેશનલ હ્યુમન રાઇટ્સ કાઉન્સિલ મુંબઇ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર નોબેલ એવોર્ડ ''બાના-૨૦૧૭,, અર્પણ થયો
- વર્ષ -૨૦૧૭ ફરાદી મધ્યે ''ઝીલ,, એવોર્ડ
- વર્ષ-૨૦૧૭ ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે ''ધરતી રત્ન,, એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામ દ્વારા ''અહિંસા એવોર્ડ''
- વર્ષ-૨૦૧૮ સંભવ ગ્રુપ - ભુજ દ્વારા ''જૈન રત્ન'' એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ કચ્છ યુનિવર્સિટી ભુજ મધ્યે શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૮ કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ માં ગાંધીનગર મધ્યે ''ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ'' રાજયપાલ શ્રી ઓ.પી. કોહીલના વરદ્ હસ્તે એવોર્ડ
- વર્ષ-૨૦૧૯ માં ભુજ મધ્યે રાજય કક્ષાનો દિવ્યાંગ પારિતોષિક એવોર્ડ
- વર્ષ-૨૦૨૦ માં વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ઓફ બોર્ડ દ્વારા ''યુગાન્તર એવોર્ડ-૨૦૨૦,,
- વર્ષ-૨૦૨૧ માં ''અડીખમ ગુજરાત'' ગુજરાતની ન્યુઝ ચેનલ જી-૨૪ કલાક દ્વારા કચ્છ જીલ્લાને અડીખમ રાખનાર કોરોના વોરિયર્સનું સન્માન
- વર્ષ-૨૦૨૧ ''કોરોના યોદ્ધા'' તરીકેનું સન્માન રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનાં વરદ્ હસ્તે
- વર્ષ-૨૦૨૨ માં અમદાવાદ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા ગ્રીન એન.જી.ઓ. એવોર્ડ અર્પણ
- વર્ષ-૨૦૨૩ માં મુંબઇ મધ્યે ''વ્યાપાર જગત'' દ્વારા પ્રાઇડ ઓફ ઇન્ડીયા એવોર્ડ અર્પણ

માનવજ્યોત સંસ્થા- ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ, ભુજ-ખાવડા માર્ગે ભુજથી ૭ કિલોમીટરનાં અંતરે આવેલું છે. એકલા-અટુલા નિરાધાર રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા માનસિક દિવ્યાંગોને માનવજ્યોતનાં વાહન દ્વારા આશ્રમ સ્થળે લઇ આવી તેઓની સારી સારવાર કરાવી વિવિધ રાજ્યોમાં તેમનું ઘર શોધી પરિવારજનો સાથે ફેરમિલન કરાવવાનું કાર્ય કરવામાં આવે છે. દરેક રાજ્યની પોલીસ માનવતાનાં આ કાર્યમાં મદદરૂપ બને છે. ગુમ થયેલા અનેક લોકોને સંસ્થાએ શોધી આપ્યા છે. બે એકર જમીન ઉપર બે કરોડના ખર્ચે દાતાશ્રીઓ દ્વારા આ આશ્રમ બનાવી આપવામાં આવેલ છે. આશ્રમ સ્થળે અતિથિગૃહ, ભોજન શાળા, દવાખાનું, ગાર્ડન, ચબુતરો, મંદિર તથા ૩૦ રૂમો સાથેનું આ સંકુલ છે. જેની મુલાકાત લેવા વિનંતી છે. જેનાં મુખ્ય માર્ગદર્શક અને સંચાલક પ્રબોધ એચ. મુનવર છે. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ભુજનાં પ્રમુખ છે. ક.દ.ઓ. જૈન કચ્છ એકમનાં ઉપપ્રમુખ છે. ૩૯ વર્ષથી સવાણી ટ્રાન્સપોર્ટ પ્રા. લી. ભુજ બ્રાંચના મેનેજર છે.

સૌજન્ય : અક્ષય મોતા- ભુજ

## કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટ

કોઠારા સાર્વજનિક દવાખાના ટ્રસ્ટની પ્રમુખ શ્રી નલીનભાઈ અજાણીના પ્રમુખ સ્થાને યોજાયેલી બેઠકમાં સર્વાનુમતે પ્રમુખ અને ટ્રસ્ટી પદે મણીલાલ રાયચંદ શાહ (લોડાયા) ઉપ્ર પ્રમુખ – ટ્રસ્ટી પદે પંકજ મંગલદાસ ઠક્કર, ચંદ્રકાંત કુંવરજી લોડાયા અને વસંત હંસરાજ ચંદે મંત્રી-ટ્રસ્ટી પદે નીમાયા હતા. વરીષ્ઠ સ્થાપક સભ્ય આજીવન પ્રમુખ નલીનભાઈ કેશવજી અજાણી ઉપરાંત રાયચંદ શિવજી શાહ લોડાયા, વલ્લભદાસ નેણશી અને સલાહકાર સભ્ય હેમંતભાઈ ગોવિંદજી લોડાયા, દિલીપ લાલજી ભગદે, અનીલ ચાંપશી મોતા, સ્થાનિક સભ્ય પ્રતાપસિંહજી જાડેજા, પ્રબોધભાઈ મુનવર અને પરેશ ગોવિંદજી ઠક્કર નીમવામાં આવ્યાં હતાં.

## જખૌ તીર્થે અચલગચ્છાધિપતિ

અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ કચ્છના પંચતીર્થના દર્શન યાત્રા દરમિયાન જખૌ તીર્થે પધાર્યા હતા.


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**જૈન તથા અન્ય સમાજ માટે સાચી જરી વેંચવા માટે**
**જુનુ અને જાણીતું નામ એટલે સાંતાક્રુઝ(વે) મહાવીર સારીઝ**

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી, બ્લાઉઝ
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર તથા સેલા
- સાચી જરીની ટીકી, સુરમો, કસબ
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત તથા વધારે ભાવ મળ્યાનો અહેસાસ
- રોકડા પૈસા-વજનથી ડાયરેક્ટ કારીગરને રેણકસર કાપ્યા વગર વધારે ફાયદો મેળવો.
- ઘરબેઠા તમારી જુની જરીના માલની રોકડી કરો
- **Free Home Visit any where any time**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
M. : 96195 54801 / 91371 46272 (SUNDAY CLOSED)

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖



Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about

CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Hirachand Dand<br>A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 2. Periodicity of publication | : | Fortnightly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar<br>Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers,<br>14A, Patra Shed,<br>Sitaram Mill Compund<br>N. M. Joshi Marg,<br>Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Hirachand Dand |
| Nationality | : | Indian |
| Address | : | A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 5. Editor's Name | : | Hirachand Dand |
| Nationality | : | Indian |
| Address | : | A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 6. Name & Address of Owner | : | SHRI C.D.O.PRAKASH SAMIKSHA SAMITI<br>A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |

I Hirachand Damji Dand, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 05.3.2023

sd/-
Hirachand Damji Dand
Signature of Publisher



**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

# હેતભર્યો હાથ (ભાઈ બહેન )

વાર્તા

દેશી નળિયા વાળું કાચું ખોરડું છે. છાણ માટીથી ગાર્ય કરેલ આંગણું છે. એમાં એક ખૂણામાં નાવા માટે એક છીપર મુકેલી અને એના પર પંદરેક વરસની બહેન આઠેક વરસના ભાઈને નવરાવે છે. ભાઈ નાવાની ના પાડે છે અને બહેન એને બળજબરીથી બેસાડીને નવરાવતી કહેતી જાય કે ભૂંડો લાગે છે ત્રણ દી થયા નાયા ને માથામાં જીવડાં પડશે, અઘોરી જેવો લાગે છે આમ ઠપકો આપતી જાય ને નવરાવતી જાય છે. ત્યાં એ દીકરીનો બાપ માથે ખડનો ભારો લઈને આવ્યો. ખેતર બહુ દૂર, ભારથી ઓડય (ડોક) પકડાઈ ગઈ હતી. જેવો ભારો નીચે નાખ્યો, પછી હાશકારો લીધો અને ટહુકો કર્યો બેટા રૂપલ પાણીનો કળસિયો ભરી આવ્ય. પોતાના ભાઈને નવરાવતી દીકરી ઊભી થઈ ને પાણિયારેથી પીત્તળનો કળસિયો માટલાંમાંથી ભરીને બાપને આપ્યો. પછી ભારા સામે જોઈને બોલી બાપુ તમને કેટલી વાર કહું કે આવડો મોટો ભારો શું કામ લાવ્યો. ખેતર એક ગાઉ થાય છે. તણા ચડે ડોક મઈડાઈ જાય. દીકરી બાપને ઠપકો આપતી હતી.

દીકરી વઢતી હોય એમ કહેતી કહેતી આંગણામાં આવી. ત્યાં સુધીતો એનો ભાઈ બધું પાણી ઢોળી રહ્યો હતો. ભાઈ કપડા પહેરીને બહાર આવ્યો. એટલે તરત કહ્યું આય આવ્ય માથું ઓળવી આપુ. ભાઈ ખીજમાં બોલ્યો કે હું હાથે ઓળી લઈશ. અને પોતાના બાપા પાસે જઈ બેઠો. અને ફરિયાદ કરવા લાગ્યો. બાપા રૂપલીને કઈક કયો મને ઘસી ઘસીને નવરાવે છે. થોડીવારે રમવા જવા દેતી નથી. બાપે દીકરા ને કહ્યું બેટા થોડાક દીમાં પરણીને એના ઘરે જતી રહેશે પછી તને હેરાન નહિ કરે. કુમળા મગજનો દીકરો કંઈ સમજી ના શક્યો અને થેલીમાં સલેટ પેન નાખી ખભે કરીને નિશાળે જવા નીકળી ગયો. પણ ઢાળીયામાં બેસેલા બાપની આંખ્યના ખૂણા ભીના થઇ ગયા. કારણ કે બંને સંતાન છોડીને પત્ની પાંચેક વરસ પહેલાં ગુજરી ગઈ છે.

આ ઘટનાને ત્રણેક વરસ થઈ ગયા હતા અને આજ બહેનના લગનની કંકોતરી લખાઈ રહી હતી. ભાઈના હાથે માંડવો રોપાવાનો હતો. ગોર મહારાજે સાદ કર્યો કન્યાના ભાઈને બોલાવો માંડવો રોપાવો છે. અગિયારેક વરસનો ભાઈ જાણે આજે જવાબદાર થઈ ગયો હોય એમ નત મસ્તક ગોરની સામે ઊભો રહ્યો. લે બેટા તારા હાથથી આ માંડવો રોપ એમ કહેતા નાના ભાઈની આંખોમાં સમંદર હિલોળે ચડ્યો એમ આંખોં ભરાઈ આવી. માંડવો રોપ્યો અને એનો ખાડો પૂરતા આજ ભાઈના આંસુડા પણ એમાં જાણે બહેનના લગ્ન જીવનના રોપાને પાણી આપતા હોય એમ ટપ ટપ એ ખાડામાં પડતા જાય છે.

માંડવો રોપાઈ ગયો ત્યાં કોઈએ આવીને કહ્યું કે બેટા તૈયાર થઈ જા તારે તારી બહેનનું લગન બાંધીને જવાનું છે. તૈયાર થઈ જા એમ કહ્યું એટલે ચારેકોર નજર કરી અને ઈ નજર એની બહેન રૂપલને શોધે છે. કાયમ બહેન નવરાવતી અને તૈયાર કરતી પણ હવે બહેનના લગ્ન લેવાય છે ઈ બહાર હરી ફરી ના શકે માટે ઓરડામાં બેઠી છે. આજ ભાઈ જાણે એકલો થઈ ગયો હોય એમ ઉદાસ થઈને હાથે પાણી ભરીને નાવા બેઠો પણ આજ પાણીની સાથે એની આંખમાંથી આંસુડા એને નવરાવે છે. ગળગળો થઈ ને કહે છે. કોઈ એ મારી બેનને ભાળી છે. મારે પહેરવાના કપડા જોઈએ છે. ત્યાં અંદર બેસેલ બહેન સાંભળી ગઈ અને બહાર કેવરાવ્યું મારા ભાઈને કયો અંદર આવતો રે ભાઈ હું તને તૈયાર કરું. ભાઈ ઘરની અંદર જઈને બહેનને બાથ ભીડી લીધી રૂપલ બેન હવે તું મને સાવ ઓશિયાળો મૂકીને જતી રહીશ. કુમળા હૃદયની બહેન ભાઈને હૈયે લગાડીને રોઈ પડી. વીરા એમ શું કામ બોલે છે. આતો જગતની રીત છે. આખું આયખું કોઈ દીકરી બાપના ઘરે ના રહે. ભાઈ રડતા સ્વરે બોલ્યો તો આજ તો મને માથું ઓળવી દે. ભાઈ બહેનના હેત જોઈને ત્યાં ઉભેલા તમામની આંખોમાં પાણી નીતરતા હતા. અને ભાઈનું માથું ઓળવતી બહેન અને ભાઈ બંનેની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વરસે છે. ભાઈને ખબર હતી કે હવે પછી આ હેતનો હાથ હવે કાયમ નહિ ફરે. ભાઈ હવે રૂદન રોકી શકે એમ નહોતો એટલે તરત બહાર નીકળી ગયો અને લગનની પોટકું પીઠ પાછળ બાંધીને બહેનના સપનાનું વાવેતર કરવા બહેનના સાસરાના ગામ સામે પગ માંડ્યા. પણ સંસારના નિયમો જાણે આજ અચાનક એને જાણ્યા હોય એમ એક બાજુ બહેનની વિદાયની પીડા તો એક બાજુ બહેનના સુખી સંસારની કામના કરતો ભાઈ આજ નીકળ્યો.

આ વાત એ ભાઈ જ્યારે કરતો હતો એની આંખમાં આંસુ હતા. હાલ આ ભાઈની ઉંમર પિસ્તાલીસ વર્ષની છે પોતે પરણિત છે બે સંતાન છે. છતાં પણ જ્યારે બહેનનુ નામ પડે ત્યારે આંખો ભીની થઈ જાય છે. આજ પણ બહેન જ્યારે પિયર આંટો દેવા આવે ત્યારે જાણે કે આખા જગતની ખુશી મળી ગઈ હોય. અત્યારના સમયમાં કઈક જગ્યા પર લગ્ન પછી દીકરી માટે પિયરના ઝાડવા પારકા થઈ જતાં હોય છે. પણ દીકરી માટે તો પોતાનો ભાઈ અણમોલ હોય. પગમાં ઠેસ પોતાને લાગે તોય બોલે કે ખમ્મા મારા વીરને.

આ સ્નેહ હોય છે બહેનનો ભાઈ પ્રત્યે. આ પ્રસંગ વાંચતા તમને પણ જો તમારી લાડકવાયી બહેનની યાદ આવી હોય તો એકવાર ફોન કરી ને ખબર અંતર પૂછજો એના હૈયા ને ટાઢક વળશે. આ પ્રસંગ એક મિત્ર એ કહ્યો. મને ગમ્યો માટે આપની સમક્ષ મૂકી રહ્યો છું.

– નિલેશ ચૌધરી (નીલમ ), ગામ પાડણ તા. સુઈગામ

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### અચલગચ્છ સંઘના નીમાયેલા કેડીઓ ટ્રસ્ટીઓ

સંવત ૨૦૭૯ થી ૨૦૮૧નો કુલ ત્રવ વરસની મુદત માટે કદઓ જૈન જ્ઞાતિમાંથી અચલગચ્છ જૈન સંઘ વિધિપક્ષના ટ્રસ્ટી પદે જખૌના રાયચંદ દેવશી જીવાણી, મોટી ખાવડીના મયુર મોતીલાલ લોડાયા, સાંધાણના મનીષ વિક્રમભાઈ શાહ, સાંયરાના શૈલેષ ગોવિંદજી ધરમશી ચુંટાઈ આવ્યા છે. એજ પ્રમાણે વ્યવસ્થાપક સમિતિમાં વિપુલ મણિલાલ પોલડિયા-ડુમરા, ભરત નારાણજી મૈશેરી-લાલા, ચિરાગ પ્રકાશ લોડાયા - સાંયરા, વીરચંદ નરશી લોડાયા - રાપર ગઢવારી, ઉદય ભોજરાજ નાગડા - રાપર ગઢવારી, કિરીટ કાંતિલાલ લોડાયા - દલતુંગી અને મનીષ પ્રવિણ શાહ - સાંધાણથી ચુંટાઈ આવ્યા હતા. ચૂંટણી અધિકારી ડોલરભાઈ પ્રતાપ શાહ નીમાયા હતા.

### રોટે. ડૉ. મહિમા દંડને એવૉર્ડ

રોટરી કલબ ઓફ હુબલી - વિદ્યાનગરનો બેસ્ટ કલબ પ્રેસિડન્ટ એવોર્ડ અને બેસ્ટ કલબ એવોર્ડ ડૉ. મહિમા દંડને ફાળે આવ્યો છે. ડૉ. મહિમા દંડને વર્ષ ૨૦૨૧-૨૨ના ચેન્જમેકર પ્રેસિડન્ટ પણ જાહેર કરાયા છે.

બેલગાવી (બેલગામ)માં આયોજિત અષ્ટ બંધનમ કાર્યક્રમમાં આ એવોર્ડ એનાયત કરાયા હતા. ઉલ્લેખનીય છે કે હુબલી વિદ્યાનગર, રોટરી કલબને પહેલીજ વાર બેસ્ટ કલબ એવોર્ડ મળ્યો છે. એ સિવાય પણ ડિસ્ટ્રિક્ટ લેવલના અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા છે.

### ક.દ.ઓ. જૈન મહાજન-ગદગની નવી કારોબારી કમિટી

પ્રમુખ-શ્રી વિજય પ્રવિણચંદ લુઠીયા, ઉપપ્રમુખ-શ્રી મોનેશ પ્રવિણચંદ લુઠીયા, કાર્યદર્શી-શ્રી સંજય ઠાકરશી મોતા, સહ કાર્યદર્શી : શ્રી દિપક જયચંદ ખોના, સભ્યો : શ્રી ભુપેન્દ્ર સોમચંદ ખોના, શ્રી વિપુલ કાંતિલાલ શાહ, શ્રી રવિન્દ્ર કુંવરજી લોડાયા, શ્રી લલીત રાયમલ નાગડા, શ્રી ગીરીશ કુંવરજી નાગડા, શ્રી આશિષ હિરેન નાગડા, શ્રી આશિષ દિનેશ ધરમશી, શ્રીમતી ભારતીબેન ખુશાીલ ધરમશી, શ્રીમતી કેજલ વિપુલ લુઠીયા, શ્રી. ડો. પ્રદિપ સોમચંદ ખોના, શ્રી કલ્પેશ જીતેન્દ્ર પટેલ, શ્રી હરીશ શીતલાલ મુનવર (સલાહકાર)ની નિમણુંક થયેલ છે.

### હિતાંશ મોમાયાની ટીમ નેશનલ લેવલ સ્પર્ધામાં

એમ.આઈ.એસ. પૂણે (પૂના) તથા ભારતની અગ્રણી રોબોટિક્સ શિક્ષણ કંપની ડબ્લ્યુ. એસ.આર.ઓ. દ્વારા આયોજિત વિભિન્ન રોબોટિક્સ સ્પર્ધાઓમાં હિતાંશ આશીષ મોમાયાની ટીમ બીજું ઈનામ જીતવામાં સફળ રહેતાં ઓગસ્ટ ૨૦૨૩માં યોજાનાર નેશનલ લેવલ સ્પર્ધા માટે ક્વૉલીફાઈ થઈ છે.

### પરબ ખાદ્યવસ્તુ વિતરણ મેળો

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા વિવિધ ઘરગથ્થુ વસ્તુઓનો વેચાણ મેળો પરમ કેશવબાગ, ઘાટકોપર વેસ્ટ ખાતે તા. ૨૩ અને ૨૪ માર્ચ ૨૦૨૩ના દિવસોએ યોજવામાં આવી રહ્યો છે.

### સ્કેટિંગ એક્સપર્ટ પાર્શ્વ નાગડા

નલિયાના માટુંગા નિવાસી જિજ્ઞાબેન અને ધરણેનાદ્ર શાહ (નાગડા)ના છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા પાર્શ્વ નાગડાએ ભારત, નેપાલ રોલર સ્કેટિંગ ચેમ્પીયન શીપમાં ૧૦૦ અને ૨૦૦ મીટરમાં બે રજત પદક મેળવ્યા છે. નેપાલમાં યોજાયેલી આ સ્પર્ધાની બે વરસ પહેલા થાઈલેન્ડમાં યોજાયેલી સ્કેટીંગ ચેમ્પિયનશીપમાં પાર્શ્વને ગોલ્ડ મેડલ પ્રપ્ત થયો હતો.

### સોલાપુર ગુજરાતી મિત્ર મંડળ

મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી અને સોલાપુર ગુજરાતી મિત્ર મંડળ દ્વારા તાજેતરમાં ગમતાનો કરીએ ગુલાલ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો એમ મંડળના ઉપ પ્રમુખ મણિકાંતભાઈ દંડે જણાવ્યું હતું. કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત



### પાસ થયા અભિનંદન

**માનસી જયેશ સોની -**
**વડાલા સુથરી**
C.S. (કંપની સેક્રેટરી)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

સ્થાનિક અને આમંત્રિત ગુજરાતી કચ્છી વ્યાપારીઓ, બૌધિકો અને કલાકારોએ હાજરી આપી હતી. જેમાં પીઢ અભિનેતા સનત વ્યાસે તળપદા શબ્દોનો ઉપયોગ કરી 'ભગલા અને બાપ્પા' એકપાત્રી અભિનય દ્વારા પ્રસ્તુત કર્યા હતાં.

**જ્ઞાતિજનો માટે રાહત દરે હેલ્થ ચેકઅપ**

પરબ શક્તિ સંજીવની પ્રાયોજિત હેલ્થ ચેકઅપ પેકેજની જ્યુપીટર હોસ્પિટલ થાણેમાં વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા ૧૨ મહિના સુધી ચાલુ રહેશે. ફેબ્રુઆરી ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ સુધી ૧૨ મહિના માટે રાહત દરે હેલ્થ ચેકઅપ ચાલુ રહેશે.

**ફેન્સી ડ્રેસ સ્પર્ધાના જજ પદે પ્રીતિબેન છેડા**

ભાટાપારાની બેસ્ટ સીબીએસસી સ્કુલ એકલવ્ય એકેડેમીના વાર્ષિક દિન ઉજવણી પ્રસંગે આયોજિત ફેન્સી ડ્રેસ સ્પર્ધા માટે વરાડિયાના ભાટાપારા નિવાસી પ્રીતિબેન વાય શાહ (છેડા)ને જજ નીમવામાં આવ્યા છે.

**કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ**

કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ સુર સમ્રાટ ઓનલાઈન સંગીત સ્પર્ધાનું શુક્રવાર, તા. ૧૭ માર્ચ ૨૦૨૩ના દિને સાંજના ૮ થી ૧૦ વાગ્ય દરમિયાન આયોજન કરવામાં આવી રહ્યું છે. ખુશાલભાઈ મૈશેરીનો ફોન નં. ૮૦૮૭૯ ૯૩૩૫૧ ઉપર સંપર્ક કરી શકશો.

**મુલુંડમાં સાધ્વી મ.સા. માટે જ્ઞાન પરબ**

ઝવેર રોડ મુલુંડ દેરાસરમાં પૂ. સાધ્વીજી ભગવંતો માટે તા. ૨૭ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચના ગાળા માટે પ. વિશાલભાઈ લક્ષ્મીચંદ લાલજી ધરમશી (સુથરી)ની ધાર્મિક જ્ઞાન ભણાવવા નિમણૂંક કરવામાં આવી છે.

## વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

**કોટડા સાંગાણીમાં દેશી ગોળ ઉત્પાદન**

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકા થઈને ગીર જતા પર્યટકો દેશી ગોળ ઉત્પાદન કેન્દ્રોની મુલાકાત લેવાનું ભૂલતા નહીં. દેવ દિવાળીથી શરૂ થયેલા ગોળના ભદ્રા (રાબડા)માં અત્યાર સુધી ૬૦ ટકા જેટલો પાક લેવાઈ ગયો છે તો પણ તાજા શેરડીના રસ અને તાજાતાજા નરમનરમ ગોળનો લ્હાવો તોં શેં ભૂલાય? અંદાજ છે કે ચાલુ સીઝનમાં સરેરાશ ૩૦ લાખ કનસ્તર ટીનનો પાક તૈયાર થશે.

**જી.એસ.સી.એલ.નો સોડા એશ પ્લાન્ટ**

દેશમાં વધી રહેલી સોડા એશની માગ પૂરી કરવાના હેતુથી કચ્છમાં વર્ષ ૨૪-૨૫ દરમિયાન જીએસસીએલ સોડા એશ પ્લાંટ ચાલુ કરશે. જીએસસીએલ રૂા. ચાર હજાર કરોડના મૂડી રોકાણ સાથે ૦.૫ એમટીપી ઉત્પાદન ક્ષમતાનો ગ્રીન ફીલ્ડ (નવું) પ્લાંટ સ્થાપિત કરશે. એવો અંદાજ છે કે આ પ્લાંટ કાર્યરત થતાં લગભગ ૫૦,૦૦૦ લોકોને રોજગાર મળશે. દેશ. સોડા એશના વૈશ્વિક ઉત્પાદનમાં ૬ ટકાનો હિસ્સો ધરાવે છે. જ્યારે સૂત્રાપાડા સોડા એશ પ્લાંટ દેશની કુલ વાર્ષિક સોડા એશની માંગના ૨૫ ટકા હિસ્સો સંતોષે છે.

**સારસ**

સાહિત્યમાં ખૂબ લોકપ્રિય રહેલા સારસ પક્ષીઓ વિશ્વના ૭૫ ટકા ભારતમાં વસવાટ કરતા હતા. જોકે હવે એ પ્રમાણ ઘટી જઈ હાલ વિશ્વના માત્ર ૧૦ થી ૧૫ ટકા સારસ ભારતમાં વસી રહ્યાં છે. સૌથી વધુ સારસ યુપીમાં જોવા મળે છે. જ્યારે ગુજરાતના માતર તાલુકામાં દેશની કુલ સારસ વસતીના ૬૦ ટકા જોવા મળે છે. છેલ્લા પાંચ વરસમાં સારસની વસતી ૨૦૧૫-૧૬ના ૫૦૦ સામે વધીને અંદાજે ૯૯૨ જેવી થઈ છે.

**કચ્છના અમૃત સ્ટેશન**

ભારતીય રેલવેની અમૃત ભારત રેલવે સ્ટેશન યોજના હેઠળ કચ્છના ભુજ, ગાંધીધામ, ભચાઉ અને સામખીયારી સ્ટેશન પસંદ કરાયા છે. યોજના હેઠળ યાત્રીઓને સારી સગવડ, સારા કેફેટેરીયા અને બ્લાસ્ટ (ગિટ્ટી) બેસ પ્લેટફોર્મ રેલ લાઈન બનાવવામાં આવશે.

**વડતાલ સ્વામીનારાયણ વિરાટ મ્યુઝિયમ**

સ્વામીનારાયણ સંપ્રદાયના વડતાલ ગાદી દ્વારા વિશ્વનું સહુથી મોટું સ્વામીનારાયણ સંગ્રહાલય (મ્યુઝિયમ) બનાવવાની યોજના હાથ ધરાઈ છે. પાંચ વિઘા વિસ્તારમાં લગભગ રૂા. ૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાા ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

મ્યુઝિયમમાં ભગવાન સ્વામીનારાયણ સાથે સંકળાયેલી પાંચ હજાર જેટલી વસ્તુઓ પ્રદર્શિત કરાશે.

**ભુજ ખારી નદી સ્મશાન**

ભુજનું ખારી નદી સ્થિત સ્મશાન નદીના પટમાંથી દૂર કરાશે. એના સ્થાને નદીકાંઠે લગભગ રૂા. ૫૦ લાખના ખર્ચે નવું લાકડા તથા ગેસ પર આધારિત સ્મશાનનું નિર્માણ કરાશે અહીં બેસવાની તથા અન્ય જરૂરી સગવડોનું પણ નિર્માણ કરવાનું આયોજન છે.

**જી-૨૦ના મહેમાનોની કચ્છની આવભગત**

કચ્છના સફેદ રણના સાનિધ્યમાં આયોજિત જી-૨૦ સમિટના અભ્યાગતોનું સર્વપ્રથમ તો ભુજ એરપોર્ટ કચ્છની પરંપરામાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટેન્ટસિટી ધોરડો ખાતે ડિનર અને ગીત નૃત્યના માધ્યમથી કચ્છની કલા અને સંસ્કૃતિ પ્રસ્તુત કરાઈ હતી. વિભિન્ન દેશોમાંથી લગભગ ૧૦૦ જેટલા પ્રતિનિધીઓ આ આયોજનમાં હાજર રહ્યા હતા.

**હિલેરી ક્લિંટન અગરિયાઓની મુલાકાતે**

ગુજરાત આવેલા અમેરિકાના પૂર્વ પ્રમુખ ક્લિંટનના પત્ની શ્રીમતી હિલેરી ક્લિંટન ધ્રાંગધ્રા પાસે કૂડાના અગરિયા પાટીયા પાસે અગરિયાઓની મુલાકાત લીધી હતી. ૪૦ ડિગ્રી જેવા તપતા તાપમાં મીઠું પકવતા અગરિયા મહિલાઓને હાથ જોડી બિરદાવ્યા હતા અને ક્લાઈમેટ ચેઈન્જ અને મહિલા વિકાસના હેતુઓ માટેની પૂર્તિ અર્થે તેમણે ક્લિંટન ફાઉન્ડેશન તરફથી ૫૦ મિલીયન ડોલરની ફાળવણી જાહેર કરી હતી.

**સ્મૃતિવન-ભુજ**

વર્ષ ૨૦૦૧ના ગણતંત્રદિને આવેલા ગોઝારા ધરતીકંપે કચ્છના જનધનનો સોથ વાળી દીધો હતો. એ હોનારાતમાં હજારો લોકો પરલોકવાસી થઈ ગયા હતા. એમની યાદમાં ભુજના રખેવાળ ભૂજિયા ડુંગર પર સ્મૃતિવનની રચના થઈ જેનું લોકાર્પણ માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના દિને કર્યું. ત્યારથી અત્યાર સુધીમાં સ્મૃતિવનની લગભગ ત્રણ લાખ લોકોએ મુલાકાત લીધી છે. લગભગ બે લાખ જેટલા લોકોએ ધરતીકંપ મ્યુઝિયમની પણ મુલાકાત લીધી છે.

**ડુંગળીનું વાવેતર વધ્યુ**

ગુજરાતમાં આ વરસે રવીપાકની ડુંગળીનું વાવેતર ૯ ટકા વધ્યું છે. ગત વર્ષે ૮૮૦૦૦ હેક્ટર જેવા રેકર્ડ વિસ્તારમાં વાવેતર નોંધાયું હતું. ગોંડલથી ૯૦૦ ટન ડુંગળી બાંગ્લાદેશમાં નિકાસ કરાઈ છે. મબલખ પાક અને જોરદાર આવકના પગલે રાજકોટ માર્કેટયાર્ડમાં ડુંગળીના ભાવ મણ દીઠ રૂા. ૭૫ થી રૂા. ૨૫૦ના ભાવ બોલાય છે. રાજકોટ મંડીમાં રોજની ૪૦૦ થી ૫૦૦ ટન ડુંગળીની આવક થઈ રહી છે. અન્ય માર્કેટયાર્ડોમાં પણ આવક થઈ રહી છે.

**પહેલીજ વાર ટેકાના ભાવે બાજરી ખરીદી**

જાડા ધાન્ય અર્થાત મુખ્યત્વે બાજરી/મિલેટ્સ વર્ગના ધાન્યોનું ૨૦૨૩નું વર્ષ જાહેર થવાની સાથે વિશ્વમાં આ અનાજોના સૌથી મોટા ઉત્પાદક ભારતને એ વરસ ઉજવવાની જવાબદારી સોંપવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૨૦૨૩ને ઈયર ઓફ મિલેટ્સ જાહેર કરાયું છે ત્યારે ગુજરાત એ અનાજોનું ઉત્પાદન વધે એના પ્રયાસરૂપે પોતાનો ફાળો નોંધાવી રહ્યું છે.

સ્મરણ રહે મિલેટ્સ કે બાજરી વર્ગના અનાજોમાં બાજરી, જુવાર, કુટકી, રાગી, નાચણી અને રાજગીરા સહિત ૧૦થી વધુ જાતોનો સમાવેશ થાય છે. આ અનાજોનું સેવન ડાયાબીટીઝ જેવી લાઈફસ્ટાઈલ માંદગીઓમાં રાહત આપે છે. એ સિવાય આ અનાજો વિટામીન, મિનરલ્સ અને અન્ય પોષક તત્ત્વોના મહત્ત્વના સ્ત્રોત છે.

**શીત લહેર ૧.૩૦ લાખ હેક્ટરમાં પાક**

છેલ્લા કેટલાક સમયથી શીત લહેરના પ્રકોપે લોકોને ત્રાહીમામ પોકરાવી દીધા પણ એનું સાટું કચ્છમાં ૧.૩૦ હેક્ટરમાં લેવાયેલા શિયાળુ પાક પર પડેલી એની અસરે વાળી દીધું છે. શિયાળુ પાકમાં કચ્છના એડવાન્સ થઈ રહેલા ખેડૂતોએ ઘઉં, ચણા, જીરૂં, ધાણા, ઈસબગુલ, વરિયાળી, રાઈ, લસણ, ડુંગળી, બટેટા, અજમો, ડાંગર, શાકભાજી વગેરેના વિવિધ પાક લેવાયા છે.

**વિશ્વ કચ્છી ભાષા દિન ઉત્સવ**

૨૬ ફેબ્રુઆરી અર્થાત દુલેરાય કારાણી (કચ્છના મેઘાણી)નો જન્મદિન, વિશ્વ કચ્છી ભાષા દિન તરીકે ઉજવાય છે. કચ્છી ભાષા દિનની ઉજવણી નિમિત્તે અપાતો દુલેરાય કારાણી પરિતોષિક આ વર્ષે કચ્છના બહુમુખી પ્રતિભાશાળી સાહિત્યકાર મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'ને એનાયત કરાયો છે. ગયા વરસે આ એવોર્ડ જયંતી જોષી


Exclusive Embroidery & Upto date Finishing

ज्योति

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on

'શબાબ'ને એનાયત કરાયો હતો.

### સ્ટેચ્યૂ ઑફ યુનિટી પરિસરમાં નવા આર્કષણ

સ્ટેચ્યૂ ઑફ યુનિટીમાં અત્યાર સુધી લગભગ ચાર વર્ષના ગાળામાં એકંદરે એક કરોડ દસ લાખ પ્રવાસી મુલાકાત લઈ ચૂક્યા છે. પ્રવાસીએ માટે લધુ આકર્ષણ રૂપે રેવાના બન્ને કિનારાને જોડતા રોપવેના નિર્માણનું આયોજન છે. આ સિવાય સ્પોર્ટ સ્પીડ બોટ, પેરા ગ્લાઈડિંગની વ્યવસ્થાનું પણ આયોજન છે.

### શ્રી અંતરીક્ષજી તીર્થના તાળાં ખુલ્યા

અંતરીક્ષજી તીર્થની પેઢીના દિલીપભાઈ શાહની યાદીમાં જણાવ્યા મુજબ તીર્થ ઉપર લાગેલો સ્ટે ઓર્ડર માનનીય સુપ્રીમ કોર્ટે હટાવી દીધો છે. ૨૨-૨-૨૩ના રોજના આ ઓર્ડરની રૂએ હવે અંતરીક્ષજી પાર્શ્વનાથ ભગવાનની પૂજા અર્ચના આદિ બધા પ્રકારની ધાર્મિક પૂજાઓ કરી શકાશે.

### સાંધવમાં નવી શાળા

સાંધવ, નવી શાળાના ઉદ્ઘાટન પ્રસંગે અબડાસા વિસ્તારના ધારા સભ્ય પ્રદ્યુમનસિંહજી જાડેજા, સાંધવ મહાજનના અગ્રણી, ગાંધીધામ મહાજનના પ્રમુખ લહેરચંદભાઈ ખોના અને અબડાસા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી અરવિંદભાઈ લોડાયા ઉપસ્થિત હતાં.

### કુમઠા અને સાંચરા તીર્થે ધ્વજા મહોત્સવ

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને હુબલી ગદગના શ્રાવકોની ઉપસ્થિતિમાં શ્રી કુમઠા તીર્થનો ધ્વજારોહણ ઉત્સવ સુંદર રીતે પાર પાડવામાં આવ્યો છે. સાંચરા તીર્થના ભગવાન આદિનાથ દાદાના જિનાલયે તાજેતરમાં ૧૪૫મો ધ્વજારોહણ સમારોહ સુંદર રીતે પાર પાડવામાં આવ્યો છે.

### કોઠારા તીર્થ

અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ના કોઠારા તીર્થે આગમ થતાં કોઠારા જૈન સંઘે ભવ્ય સ્વાગત સામૈયું કર્યું. સામૈયામાં મહાજનશ્રીના ટ્રસ્ટી દિનેશભાઈ અજાણી, પ્રબોધભાઈ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, મહેન્દ્ર લોડાયા, દિનેશ ધરમશી, હીરાલાલ જીવાણી અને વિવિધ ગામોના શ્રાવક શ્રાવિકા સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### સાંધાણ તીર્થ

અચલગચ્છાધિપતિ પ. પૂ. આ.ભા.કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. શિષ્ય પરિવાર સહ સાંધાણ તીર્થે આગમન થતાં શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી કિર્તીભાઈ ધરમશી, દિનેશભાઈ ધરમશી, સંજય મૈશેરી, વિરાજ મૈશેરી, નિખિલ મૈશેરી, જયેશભાઈ સોનાવાલા, રાયચંદભાઈ લોડાયા, ગુલાબ ધરમશી, નિતીન ધરમશી, અશોક મોતા, ગુલાબ છેડા, હીરાચંદ છેડા, અનિલ ડાઘા, કલ્યાણજીભાઈ ડાઘા અને શ્રાવક શ્રાવિકા વૃંદ ઉપરાંત પ્રબોધભાઈ મુનવર, પ્રેમચંદભાઈ મોમાયા તથા રતિલાલભાઈ ધ્રોળ ખાસ હાજર રહ્યાં હતાં.

### સુથરી તીર્થ

અચલગચ્છાધિપતિ . પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.નું સુથરી તીર્થે આગમ થતાં સુથરી જૈન સંઘ દ્વારા સુથરીના પ્રવેશ દ્વારથી સામૈયું કરી ધામધૂમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. એ અવસરે પ્રબોધભાઈ મુનવર, પ્રેમચંદ મોમાયા, અભય ધરમશી તથા રતિલાલ ધ્રોળની વિશેષ ઉપસ્થિતી રહી હતી. સ્વાગત પ્રસંગે ટ્રસ્ટી અશોકભાઈ મોતા, ગુલાબભાઈ છેડા, અનીલ ડાઘા, દિલીપ સાયલા, કિશોર છેડા, કલ્યાણજીભાઈ ડાઘા, કાંતાબેન પાલાણી, ભાવનાબેન જૈન, હીરાબેન ધરમશી અને અન્ય પધારેલા શ્રાવક-શ્રાવિકા વૃંદ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સામખિયાળી ભચાઉ ઈલેક્ટ્રિક લાઈન

રેલવેના સામખીયાળી - ભચાઉ સેક્શનમાં ઈલેક્ટ્રીફિકેશન પુરૂં થતાં રેલવેએ એનું પરિક્ષણ કર્યું હતું. હવે કંડલા પોર્ટથી ભુજ સુધીની રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન હાથ ધરાશે.

### લાલપુર ભલારા દાદાનો ઉત્સવ

લાલપુર ખાતે ભલારા દાદાનો ચૈત્રી પૂનમ મહોત્સવ તા. ૪ થી ૬ એપ્રિલ ૨૦૨૩ના દિવસોએ ઉજવવામાં આવશે.

### ભલારા દાદાની મુંબઈમાં પહેડી

ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા દાદાની ૩૩મી પહેડી તા. ૨૨ માર્ચ ૨૦૨૩ના બુધવાર અને ગુડી પડવાના દિને ઘાટકોપર ઈસ્ટમાં ઝવેરબેન પોપટલાલ સભાગૃહ ખાતે અપરાહન ત્રણ થી રાતના નવ વાગ્યા દરમિયાન આયોજિત કરવામાં આવી છે.

### રંગપુર જિનાલય ધ્વજારોહણ

રંગપુર નગરે શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે ૩૪મો ધ્વજારોહણ અને ત્રિહાન્કિા મહોત્સવ તા. ૨૮.૪.૨૦૨૩ અને સંવત ૨૦૭૯ના વૈશાખ સુદ ૯ના નિર્ધારિત છે. રંગપુર જિનાલય અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી પંકજ કેશવજી ધરમશી, ટ્રસ્ટી મંડળ અને કારોબારીના સભ્યો અને સલાહકાર સમિતિ વતી આમંત્રણ.

## જીવન ચક્ર

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૧.૨૦૨૨ | ડોંબિવલી | ધ્વની મયંક દંડ નલીયા | નલીયા | પુત્રી |
| ૧૬.૧૨.૨૦૨૨ | અમદાવાદ | મિશ્કા, ખુશ્બુ મૌલિક પંકજ મોતા | સુથરી } જોડીયા | પુત્રી |
| (ભુલ સુધાર) | અમદાવાદ | ટિવીશા ખુશ્બુ મૌલિક પંકજ મોતા | સુથરી | પુત્રી |
| ૨૩.૧૨.૨૦૨૨ | અમદાવાદ | ધૈર્ય સંદીપ મોતા | લાખણીયા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૨.૨૦૨૩ | ઘાટકોપર | નિશ્ચય હરીશ રામજી ખોના | નલિયા | ૨૮ |
| (ભુલ સુધાર) | ઘાટકોપર | ફોરમ રમેશ ઠાકરશી લાલકા | બાંઢીયા | ૨૭ |
| ૦૫.૦૨.૨૦૨૩ | અમદાવાદ | આકાશ હિરેન લોડાયા | વારાપધર | ૨૭ |
| | ડોંબિવલી | સલોની શૈલેષ પોલડીયા | બાયઠ | ૨૩ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૨.૨૦૨૩ | હુબલી | રોનક(નીતીન) વનરાજ નારાણજી લોડાયા | સાંયરા | ૨૯ |
| | માલેગામ (ધુલે) | મોનિકા હંસકુમાર ખીમજી ચાંપશી મોમાયા | સાંયરા | ૨૫ |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૧૧.૨૦૨૨ | મુલુંડ | પિયુષ દિનેશચંદ્ર સાયલા | સુથરી | ૪૦ |
| | મુલુંડ | જિનીશા અરવિંદભાઈ રામાણી | બાલંબા | -- |
| ૦૮.૧૨.૨૦૨૨ | ભાંડુપ | ઉમંગકુમાર હુકુમચંદ લક્ષ્મીચંદ છેડા | સુજાપુર | ૨૯ |
| (ભુલ સુધાર) | કલ્યાણ | રસિકા રવીન્દ્ર મારૂતિ જરાંડે | નાન્દાદેવી | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧.૦૨.૨૦૨૩ | હૈદ્રાબાદ(ભુલ સુધાર) | કાંતિલાલ જેતશી ધુલ્લા | દલતુંગી | ૬૪ |
| ૧૪.૦૨.૨૦૨૩ | મીરા રોડ | કલ્પનાબેન ધનજી દામજી મોતા | જશાપૂર | ૭૩ |
| ૧૫.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | જયાબાઈ પદમશી કુરૂવા | ગોધરા | ૭૪ |
| ૧૭.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | આરવ જીગર મૈશેરી | લાલા | ૦૫ |
| ૧૭.૦૨.૨૦૨૩ | મુલુંડ | પુષ્પાબેન પ્રવીણભાઈ મુનવર | રંગપુર | ૭૬ |
| ૧૮.૦૨.૨૦૨૩ | અહમદનગર | વિમલાબેન વિનોદભાઈ ખોના | સુથરી | ૭૪ |
| ૧૮.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | ભાવીન લહેરચંદ ખોના | વરાડીયા | ૩૪ |
| ૨૦.૦૨.૨૦૨૩ | મુલુંડ | નલીનીબેન કુંવરજી ખોના | સુથરી | ૮૨ |
| ૨૩.૦૨.૨૦૨૩ | પનવેલ | પુષ્પાબેન કુમારભાઈ નાગડા | તેરા | ૭૧ |
| ૨૫.૦૨.૨૦૨૩ | થાણા | નવીન શીવજી નાગડા (સોનાવાલા) | નલીયા | ૭૪ |
| ૨૫.૦૨.૨૦૨૩ | રાયપુર | કલ્યાણજી આણંદજી ખોના | રાયપુર | ૬૫ |
| ૨૬.૦૨.૨૦૨૩ | ડોંબિવલી | અશોક ભવાનજી વાલજી લાપસીયા | દલતુંગી | ૬૭ |
| ૨૭.૦૨.૨૦૨૩ | મુલુંડ | વાલજી લાલજી ધરમશી | સુથરી | ૭૬ |
| ૨૭.૦૨.૨૦૨૩ | થાણા | પ્રફુલાબેન ખીમચંદ ધરમશી | જખૌ | ૮૫ |
| ૨૭.૦૨.૨૦૨૩ | મુલુંડ | નયના ત્રિવેન્દ્ર દંડ | ધ્રાફા | ૫૫ |
| ૨૮.૦૨.૨૦૨૩ | ઇંદોર | નિર્મલાબેન શાંતિલાલ શિયાલ | જખૌ | ૮૧ |
| ૨૮.૦૨.૨૦૨૩ | કલીકટ | પારસબેન વેલજી નાગડા | તેરા | ૬૯ |

# The Holy Colours Of Jainism



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Holi, which is just approaching,is thought of as a festival of fun and frolic and of coming together with colours. But the truth is that colours have a deep psychological and spiritual connection with a person. One 2020 study that surveyed the emotional associations of 4,598 people from 30 different countries found that people commonly associate certain colors with specific emotions as under:

- Red: Passion, excitement, courage, strength, warmth
- Blue: Wisdom, hope, reason, peace, serenity, duty, logic, reflection, calm.
- Green: Harmony, universal love, equilibrium, peace, contentment
- Yellow: Hope, joy, danger
- White: Truth, indifference, clarity, purity, simplicity
- Black: Mystery, security, efficiency

However, for us Jains, these colours have a totally different connotation. They symbolically represent the twenty four Tirthankars (religious ford-makers) of the current time cycle, the nine 'pads' (verses) of the Navkar Mantra, the nine 'chakras' (energy centres of the human body as per the Yogic science), the nine Jyotish devas (luminous demigods ), the six 'leshyas' (the colours of the soul, based on its association with karmic matter) and the 'panch-parmeshthis' (the five supreme benefactors) and/or the Jain or 'Aum'.

All the 24 Tirthankars are associated with one of one of these five basic colours, it is believed. Bhagwan Chandraprabha and Pushpadant were connected with white, Bhagwan Munisuvrat and Neminath were indicated by blue or black, red represented Bhagwan Padmaprabha and Vasupujya, green was symbolic of Bhagwan Mallinath and Parsvanath, while the rest were golden (represented, by yellow).

In Jainism, five colours represent "panch-parmeshthi" (the five supreme benefactors) and the five vrats (minor as well as major vows), as follows:

White stands for Arihants, souls who have conquered the inner enemies of all kashays (passions like anger, pride, deceit and greed) and attained omniscience and eternal bliss on self-realization. White denotes pure knowledge founded on purity, selflessness, and cosmic consciousness.

It signifies **ahimsa vrat** (non-violence) and peace. Red is for Siddhas, souls who have vanquished all their aghati karmas (non -self destructive deeds) and are forever freed from the cycle of birth and death. It also signifies **satya vrat** (truth). Yellow indicates Acharyas (the heads of fourfold Jain order). It depicts organisational acumen,, self-control, and discipline. The color represents **asteya vrat** (non-theft)too. Green denotes Upadhyaya, who is a master of the scriptures and teaches the monks. Green symbolizes gentleness, support, balance, well-being, acceptance, vitality, compassion and a soothing nature. It is also a symbol of **brahmacharya vrat**(chastity). Dark blue or black is for sadhus and sadhvis or monks and nuns. It signifies **aparigraha vrat** (non-possession).

When we meditate on colours, we realise that colours have their own language and meaning. They can instil in us firm fearlessness and teach us to experience spontaneous joy. Not only can they help us arouse our pran (life-force) but also to attain pragna (higher intelligence) and thereby attain peace and bliss. This will direct us away from sensual pleasures and take us gradually to the spiritual path and divine experience.

So let us pray today, in the voice of a poetess, that: ***"Let the evil within be annihilated And grey be restored Rejuvenated to vibrancy of colours of love Dispersion of love and light Through the prismatic heart Every soul be washed anew In colours of the rainbow in mirthful hues Forgive and forget, past hurt And in the beauty of love, regale Let's celebrateHoli. The festival of colours, harbinger of spring"***

When something like this happens, the light of goodwill, harmony, equality and justice, will shine through the warmth and fraternity, closeness and brotherhood seen during this Indian cultural festival. Holi, which otherwise has no significance for us Jains, will then become more meaningful.

Over View

# JUDGMENT RESERVED

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Finally the judge says, "Judgement reserved" after hearing the arguments of both the sides. He then thoroughly analyses the case based on all the factual data provided, evidences that were made available and the arguments provided before him and only then he gives his judgement. No heresays. No half-truths. No guess work or presumptions.

In early eighties one very respected KDO vadil told me that so and so, who was their partner (also a respected KDO) in their firm engaged in the business of development of real estste, misappropriated money from the firm. I knew both of them well. I could have just accepted his negative statement on its face value and spread it as many of us will do and derive sadistic pleasure.

Being a taxman, I couldn't restrain myself and I asked him that, "who was in charge of Purchases, sales, accounts and finance." He said, "all departments are with him only.". "Then how the other partner can swindle any money"?, I asked. His head drooped down. He changed the topic.

Income tax service has ingrained in me the principles of Natural justice. One of the universal principles is that never come to any conclusion without hearing both or all the sides and never tell it to any one.

On the contrary most people simply pass judgement on others, without even having any factual data with them. If they know only one line about somebody, they will create big story from it. They will use their fullest creativity to add new characters, new incidents, masala, new colours and what not to that one line to create story about others. Similarly, somebody out there in the world is also going to pass a judgement on them also and this unwanted, unnecessary, good for nothing and time killing process of passing judgement on others will continue forever. Negative things about any one are easily believed and they travel at a great speed.

Humans are the glory and the scum of the universe. We love and we loathe; we help and we harm; we reach out a hand and we stick in the knife.

But when someone harms the harmless by spreading fake information or half truths because either they don't feel the others' pain or they enjoy feeling the others' pain. Other reasons could be competition, rivalary, feeling superior, hiding inferiority, self defence mechanism, jealousy, envy, our success vis-a- vis their perceived failure in many walks of their life, including reputation, family life, life style, social status, material possessions, better career, setteling imaginary scores, sadist mentality, psychopathy and so on. Instead of drawing their line they want to delete your growth line.

Whenever you come across a person who draws balance sheets of all and sundry, without even your asking, please apply following yardsticks.

1. Is the information of any relevance to me?
2. What is the source of his information and does he have first hand knowledge of it?
3. What vested interest he has in communicating the information?
4. Does he believe to be true?
5. Can we have a Con-call with him now?

I am sure that his answer will be vague and a Big No.

Few years back a grand KDO event was organised at Bangalore. Two socially active persons, one of whom I hardly knew, tried their best to poison the ears of the sponsorer. But he followed the above yardstick and brushed aside their prejudiced information. Later, when the event was a grand success and whatever he was told proved to be totally false, he shared with me this negative and destructive attempts to sabotage the event.

Ignore people who think they know more about you then you do. Such people were, are and will remain in the human world. Accept this reality of life. Ignore them.

So, Without having factual data and applying 5 yardsticks mentioned above, please do not pass any judgement on any person or any situation. Reserve your judgement and live a happy life, which is in your hand only.

# HANDLING EMOTIONS

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



**3. EXPERIENCE YOUR EMOTIONS FULLY.**

Intense emotions like anger and rage are real killers. If you are not careful, they can cause great harm to you and others. If you direct them towards others, those for whom it is intended will feel hurt and if you keep them to yourself, you will feel hurt inside.

Therefore, it is always better to find an appropriate outlet for your emotions, without hurting yourself or others, and keep the steam in you under control.

Find ways and means to express your emotions, without hurting or causing inconvenience to others. If you are really upset, stay alone and let the emotions subside or find a lonely place, where you can express your emotions without embarrassing yourself.

When you are overwhelmed with emotions, feel them mindfully and express them in your own ingenious ways, without looking crazy, in the comforts of your own privacy, such as punching a bag, letting out a sigh or crying alone.

By expressing your emotions you lighten up. You take out their energy and reduce their ability and intensity to hurt you or anyone else. Emotions contain intense energy. They are actually outbursts of powerful mental energy. If you hold them inside you for long, they can damage you both physically and mentally. So it is better to bring them out and reduce their impact. By venting your emotions you prevent or reduce the possibility of suffering from psychosomatic disorders, which are usually caused by negative and harmful emotions.

Many people are not comfortable with their emotions. So they try to suppress them, or ignore them or distance themselves from them. But emotions just do not go away, unless you pay them adequate attention and remedy the underlying cause.

Experience your emotions here and now, as they arise, paying full attention to the bodily parts where they leave their footprints.

4. KEEP YOURSELF IN GOOD HEALTH.

It is now a well established fact that the mind and body are interconnected and that emotions happen simultaneously both in the mind and the body. What happens in one may impact the other. Your physical health depends upon your emotional health and vice versa.

When you experience strong negative emotions, your body suffers too. Many psychosomatic disorders, such as high blood pressures, back pain, chest pain, stress, headaches, indigestion, weight gain and insomnia, are caused by negative emotions. Frequent recurrence of negative emotions weakens the immune system and exposes the body to various problems, by releasing several chemicals into the blood stream.

A healthy body withstands the impact of negative emotions better than an unhealthy body. As you feel better about yourself, you will experience positive emotions more frequently. Exercise regularly. It provides a good outlet for the negative emotions and the toxins that accumulate in the body due to them. Make health your priority. A healthy body is a great asset in improving your emotional health. Regular exercise, relaxation and proper diet contribute positively to your emotional well being.

5. STAY IN THE PRESENT, HERE AND NOW

As most of us know, life is what happens to us with or without our involvement, as we keep worrying about our past and feel anxious about our future. Our preoccupation with past and future keep us mostly in a state of emotional turmoil.

If you remain focused on the present, you get an opportunity to experience your emotions consciously, acknowledge them and allow them to dissipate slowly so that they cease to be harmful. You become aware of the habitual thought processes, which lead to negative emotions and

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા – રવા (ચેમ્બુર)**

learn to deal with them appropriately.

You can stay with the present moment, by practicing mindfulness or learning to be where you are. Focus what is happening around you right now. Focus your attention on the various activities you perform, such as walking, eating, bathing, cleaning and breathing. Pay attention to your thoughts, your body, the feelings and sensations you are experiencing right now. Stay with the moment when you are in the company of people. Be attentive to what they say, what you say, their expressions and body language. Learn to appreciate things as if you have never seen them before, without preconceived notions and judgment. Live as if today matters and live your life fully. When you stay in the present you will relax and experience equanimity. You will also be able to think and act when you are confronted with situations which usually give rise to emotional disturbances.

"WATCH YOUR THOUGHTS , THEY BECOME WORDS; WATCH YOUR WORDS, THEY BECOME ACTIONS; WATCH YOUR ACTIONS; THEY BECOME HABITS; WATCH YOUR HABITS , THEY BECOME CHARACTER; WATCH YOUR CHARACTER, FOR IT BECOMES YOUR DESTINY ".

--Frank Outlaw.

**8. Disciplining your child, but be gentle:** Eventually, you and your spouse may feel comfortable disciplining your child together. But at the beginning, it can be a lot on your kid if you and your partner are immediately a team doling out punishments. Your child may feel as if they're being ganged up on or alienated. Continue to handle your child's behavior as you always did and, eventually, when everyone is settled, your spouse may feel comfortable enough in helping you.

**9. Talk to a professional if needed:** Your child may have a lot of feelings about this marriage that they aren't willing to say to you. Maybe they don't want to hurt your feelings or maybe they're uncomfortable sharing some of their thoughts. If this happens, it may be time to seek professional help. Often, a therapist or counselor (or even a family friend) can offer impartial wisdom and advice to your child, and your kid will feel comfortable talking to them since they have no personal connection to the situation.

"Marriage is having your spouse sit next to you and play loud videos on their phones while you are watching your favourite show".

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Kamal Meghji Nagda (PS-1656)**
701, Horizon Shloka, Dr. Ambedkar Road,
Mulund (West), Mumbai - 400080
M.: 99206 07949

**Shri Rakesh Hirachand Chheda (PS-5602)**
B-15, KDO Residency Apartment, 3rd Floor,
Plot#138, Manoj Paradise 1st Phase,
Off Kusugal Road, Near Sanskaar School,
Keshwapur, Hubballi KR - 580023
M.: 9449078510

**Shri Laxmichand Bhavanji Maisheri (PS-1960)**
303, PremGanga CHS Ltd., Opp.
New Bhagyoday Society, Kasturba Road,
Mulund (West), Mumbai 400080
M.: 9322268286

**Shri Deepak Padamshi Lodaya (PS - 2796)**
C/o., Pravin Vira, Shop No. 6. Jay Apartment,
Mahesh Park, Tulinj Road,
Nalasopara (East) MH - 401209
M.: 93224 38110

**Shri Mahesh Padamshi (PS - 5640)**
Momaya7, K.D.O.Apartment,Mahavir Nagar,
Bengeri Extn., Hubli KR - 580023
M.: 98861 09970

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

# કદઓ નારી શક્તિ

**શ્રીમતી લક્ષ્મીબેન વિજય લોડાયા**
**ઘાટકોપર - મોટી સીંધોડી**



આપણી જ્ઞાતિના અને મુંબઈનો જૈન સમાજમાં જાણીતું નામ છે. સદાય હસમુખો ચહેરો અને પ્રેમભરી વાણી એ લક્ષ્મીબેનનો ટ્રેડમાર્ક છે. તેઓ છેલ્લા ૫૩ વર્ષથી વિવિધ પ્રકારની સાડીની બોર્ડરનું કામકાજ કરે છે. આમાં પારસી બોર્ડર મુખ્ય છે. આ ઉપરાંત બટવા, આસનિયા, ઝભલા વગેરેમાં એનો ઉપયોગ કરે છે. લક્ષ્મીબેને પોતાની આ કલા ઘણી બહેનોને શીખવી તેમને પગભર થવામાં મદદ કરી છે. ૩૨ વર્ષના યુવાન પુત્રને ખોયા પછી પણ તેમણે સંજોગો સામે મક્કમતાથી લડીને પોતાની પુત્રવધુ અરૂણા અને પૌત્રી ધ્વનિને સંભાળ્યા છે. પુત્રવધુ અરૂણા બ્યુટિશીયન છે. તેમના ઘરાકો દેશમાં અને વિદેશમાં પણ છે. ભારતની હસ્તકળાની સંસ્કૃતિને એક ક.દ.ઓ નારીએ ઉછેરી, પાળીપોષીને આગળ ધપાવી છે.

**શ્રીમતી ભારતીબેન ખુશાલ છેડા**
**(ગદગ - નલિયા)**



ભારતીબેનને નાનપણથી કલા પ્રત્યે પ્રેમ. તેઓ ચિત્રકળા અને સ્વેટર ગુંથવાના કલાસ પણ ચલાવતા. ૫૫ વર્ષની ઉંમરે બેંગ્લોર રહેવા જવાનું થયું પણ ત્યાં એકલવાયું લાગતા કળા પ્રત્યેનો પ્રેમ જાગ્યો અને સિક્કા સંગ્રહનો શોખ જાગ્યો અને શોક વધ્યો. બેંગ્લોરમાં સિક્કા સંગ્રહના પ્રદર્શનમાં પણ ભાગ લીધો જેને સારો પ્રદિસાદ મળ્યો. આ શોખને લીધે ભારતીબેનને શાળાઓમાં સિક્કા અને ચલણી નોટો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવા આમંત્રણ આપવામાં આવે છે. એમની પાસે ૨૪ તીર્થંકરોનો લાંછનવાળા અદભૂત સિક્કાઓનો સંગ્રહ છે અને અલગ અલગ વિષયો ઉપર પણ સિક્કાઓનો સંગ્રહ છે.

લોક ડાઉન દરમિયાન એમને વિવિધ પ્રકારની બોટલોને સુશોભિત કરવાનો વિચાર સુઝ્યો અને અમલમાં મૂક્યો. યુ ટ્યુબની મદદથી નકામી વસ્તુઓથી તેમણે બોટલો શણગારી છે. તેમનું કહેવું એમ છે કે જો તમે કોઈ શોખ રાખશો તો હતાશામાંથી ચોક્કસ બહાર આવી શકશો.

**શ્રીમતી પ્રિતીબેન યશવંત છેડા**
**ભાટાપારા, છતીસગઢ - વરાડીયા**



કલાનું પધ્ધતિસરનું શિક્ષણ લીધું ન હોવા છતાંએ પોતાની બુદ્ધિ અને તીક્ષ્ણ નજરથી રંગોળીની ડિઝાઈન મનમાં ઉતારી, રંગોળી કળામાં પારંગત બન્યા. દિવાળી દરમિયાન એમની બનાવેલ રંગોળી જોવા લોકો લાઈન લગાડે છે. પ્રીતિબેન એમ.કોમ., એમ.એ. (ઈંગ્લિશ) ઈન્ટર સી.એ. અને બી.એડ.ની ડિગ્રી ધરાવે છે. ગર્વમેન્ટ સેકન્ડરી શાળામાં એકાઉન્ટસ શીખવાડે છે. પ્રીતિબેન દર વર્ષે અઠ્ઠાઈ તપ કરે છે. તેમણે એક હજાર પ્રકારની ગહુલીઓનું સર્જન કર્યું છે. ભાટાપારામાં એકલા રહેતા અશક્ત વૃદ્ધોની મદદ માટે સિનીયસ સિટીઝન હેલ્પ ગ્રુપ બનાવ્યું છે અને તેમની કોઈપણ જરૂરત ચોવીસ કલાકમાં પૂરી પાડવામાં આવે છે. તેઓ એક સારા વક્તા પણ છે. તેમને વિવિધ સંસ્થાઓ તરફથી સન્માનવામાં પણ આવ્યા છે.

પ્રીતિબેને હમણાં નગરસેવકની મદદથી એક વૃદ્ધાને પ્રધાન મંત્રી અવાસ યોજનામાંથી ઘર બાંધવા માટે લોન લઈ આપી છે. પ્રીતિબેન, શ્રી ભાટાપારા ગુજરાતી સમાજના મહિલા મંડળના પ્રમુખ પણ છે. એમને વિવિધ કાર્યક્રમોમાં નિર્ણાયક તરીકે આમંત્રણ આપવામાં આવે છે. તમે નાના શહેરમાં હો કે પરણો, તમે મોટું કામ અને નામ બન્ને કરી શકો છે. પ્રીતિબેન આનું સુંદર ઉદાહરણ છે.

**શ્રીમતી કાંતાબેન ચત્રભોજ મોમાયા**



એક ચોપડી ભણેલા ૭૮ વર્ષના કાંતાબેન મુલુંડમાં રહે છે. પરણીને કચ્છમાંથી મુંબઈ આવ્યા. ઘર ન હોવાથી પાંચ વર્ષ ભાઈ બહેનોના ઘરે રહ્યાં. છેવટે મુલુંડમાં કાચું મકાન ભાડે મળ્યું. પતિનો પગાર ઓછો હોવાથી બાળમંદિર શરૂ કર્યું. ઉનાળાના બે મહિનાના વેકેશન દરમ્યાન અથાણા બનાવીને વેંચતા જે હજી સુધી ચાલુ છે. અંગ્રેજી શાળાઓનું વર્ચસ્વ વધતા ૪૧ વર્ષ પછી બાળમંદિર બંધ કર્યું. પતિની દસ વર્ષની માંદગી પાછળ જિંદગીની બધી જ બચત ખર્ચાઈ ગઈ. પતિના અવસાન બાદ દીકરી જયશ્રીબેનના લગ્ન કર્યા. કરજ ચુકવવા હેલ્પર તરીકે અમેરિકા ગયા પણ નહીં ફાવતા એક વર્ષ બાદ પરત આવ્યા. બાલમંદિર બંધ થતા નાનપણનો રસોઈ બનાવવાનો શોખ કામે લાગ્યો.

**કદઓ નારી શક્તિને વિશ્વ મહિલા દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ**

### હંસાબેન નરેન્દ્ર લુઠીયા (કોચીન - નલિયા)



નાનપણમાં શીખેલું જ્ઞાન અને કળા કેટલા મહત્વનાં છે એ હમણાં સમજાયું. ગદગમાં મમ્મીએ સંયુક્ત કુટુંબની જવાબદારી વચ્ચે સમય કાઢીને ભરતગુંથણ, સંગીત, ચિત્રકામ અને રંગકામ ઘરે શીખવાડીને એમાં રસ જાગૃત કર્યો. હંસાબેન છેલ્લા ૩૬ વર્ષથી કોચીનમાં રહીને ભરત ગુંથણનું કામ કરે છે. તેઓની પાસેથી ક્રિશ્ચિયન કન્યાઓ અને સ્ત્રીઓ કામ લઈ જાય અને એમના નિર્દેશ અને રચના પ્રમાણે ભરત ગુંથણ કરી આપે. ઘણી વખત તેઓ ૩૦ થી ૩૫ સ્ત્રીઓને સાથે કામ આપી શકતા. આ બધી બહેનોને આત્મનિર્ભર કરવામાં હંસાબેનનો ખૂબજ મોટો ફાળો છે. ચિત્રકામ, ડિઝાઈન અને કલર રચના વગેરે કામો કરીને એક આત્મ સંતોષ મળે છે એમ તેઓ કહે છે. તેમણે ૨૫૦૦ જેટલી ડિઝાઈનો રચી છે. તેમને કચ્છી કળા લુપ્ત થતી જાય છે એની ચિંતા છે. કેરાલા જ્યાં આપણી જ્ઞાતિ બહુજ નાની સંખ્યામાં છે. જૈનો - ગુજરાતીઓ પણ ઓછી સંખ્યામાં છે, ત્યાં કદઓની કલાની વિરાસતની જ્યોત જલતી રાખી છે. હંસાબેનને એમના કુટુંબીજનોનો સહકાર મળ્યો અને કામ આગળ ધપાવવા કાશ્મીરાબેન લુઠીયાએ મજબૂત ટેકો આપ્યો છે.


સૌથી શ્રેષ્ઠ ડીલર તેમજ સૌથી શ્રેષ્ઠ કંપની

Rivulis Irrigation



મહેનત ઓછી..! નફો વધારે..!



: અમારી મુખ્ય વિશેષતાઓ :

- તમારા પાક ને અનુલક્ષીને સૌથી શ્રેષ્ઠ ડીઝાઈન તૈયાર કરી આપવામાં આવશે.
- સૌથી ઓછા સમયગાળામાં ડ્રીપ ફીટીંગનું કાર્ય પૂર્ણ કરવાની કાબીલિયત.
- એકથી માંડી અનેક એકર જમીન માં ડ્રીપ કાર્ય પૂર્ણ કરવાની આવડત અને જવાબદારી.

: અમારી શ્રેષ્ઠ સુવિધાઓ :

- ૦ થી ૨૦ એકર જમીનમાં ડ્રીપ લગાવતા ખેડુતો માટે વાઈડર મશીન પર ૫૦% ની સહાય તેમજ ૨૦ એકર કે તેથી વધારે જમીન ધરાવતા ખેડુતો માટે આ સહાય તદન મફત ફ્રી ધોરણે મળવા પાત્ર
- ડ્રીપ ફીટીંગ થયા બાદ અમુક સમયાંતરે ચેકીંગ અને ફ્રી સર્વીસ કરી આપશું.
ખેડુતો માટે ખેતી વિષયક માહિતી સંપૂર્ણપણે આપવામાં આવશે. (ઓફીસ સમય દરમિયાન)

: ખાસ નોંધ :

- **એક વખત ડ્રીપ સબસીડીનો લાભ મેળવેલ ખેડુતોને સરકારશ્રી તરફથી ફરી લાભ મળવા પાત્ર છે**, તો રાહ ન જુઓ અને નીચેના નંબર પર કોલ કરી માહિતી મેળવો.
- ડ્રીપને લગતું તમામ ચીજ, વસ્તુઓ ઓછા અને વ્યાજબી ભાવે મળી રહેશે.

અટલ ભુજલ યોજના ૧૫% વધારાની સબસીડી (પસંદગીના ગામોમાં જ)

ખેડૂત મિત્રો, જીજીઆરસી એ સર્ક્યુલર મોકલેલ છે હવે ૧ એપ્રિલથી DBT નો નિયમ આવે છે. તેમાં ખેડુતને પુરૂં પેમેન્ટ ભરવાનું રહે છે. પછી સબસીડી ખેડૂતના બેંક ખાતામાં પાછી આવશે. પરંતુ ૩૧ માર્ચ પહેલા કેસ ફાઈનલ થાય તો DBT લાગશે નહિં. તો જે ખેડૂત ભાઈઓ ડ્રિપ ઈરીગેશન સિસ્ટમ લગાવવા માંગતા હોય તે ખેડૂતો એ આ DBT નો નિયમ લાગુ પડે તે પહેલા ફાઈલ મુકી વર્ક ઓર્ડર કઢાવી રજીસ્ટ્રેશન કરાવી ડ્રિપ લગાવવા માંગતા હોય તે ખેડૂતોએ જલ્દી અમારો કોન્ટેક કરવો.

Dealer at Kutch

DHRIYA ESSENTIAL OILS

ઉર્મિલ રમણીકલાલ ગાલા (સમાઘોઘા)

9594915013

ઓફિસ : ગુંદાલા ચોકડી, તાલુકો મુંદ્રા, ગુજરાત-૩૭૦ ૪૧૦. Email : dhiryaessentialoil@gmail.com

આવો આધુનિક ખેતી તરફ વળીએ !!!

BINITA MARU - 9869034162


### ભારતીબેન ગૌતમ દંડ



ભારતીબેન છેલ્લા ૩૬ વર્ષથી દરરોજ સારી માત્રામાં જયણાપૂર્વક તાજા પેંડા બનાવે છે. આ ઉપરાંત તેઓ ફીણીયા લાડુ પણ બનાવે છે. છેલ્લા ત્રણ દાયકાથી અવિરતપણે પોતાની રચનાત્મક પ્રવૃત્તિમાં રત ભારતીબેનને અભિનંદન.

### પ્રવિણભાઈ લોડાયાને શાસન રત્ન એવોર્ડ



પરમાત્મા તીર્થંકર કલ્યાણ યાત્રા કરાવવાનો નીયમ લેનાર પ્રવિણભાઈ લોડાયાને શાસન રત્ન એવોર્ડ એનાયત કરાયો છે.

તીર્થંકર પરમાત્માના ૧૧૩ કલ્યાણક તીર્થોની છેલ્લા સાત વર્ષથી અત્યાર સુધી ૧૩૦૦ થી વધુ મુમુક્ષુ - દીક્ષાર્થીઓને એકલે હાથે યાત્રા કરાવનાર કોઠારાના ડોંબીવલી પૂર્વ નિવાસી પ્રવિણભાઈ ટોકરશી શામજી લોડાયાને કલાપૂર્ણમ ટ્રસ્ટની પ્રતિષ્ઠાના અવસર પર 'શાસન રત્ન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. પ્રવિણભાઈ મુખ્યત્વે જૈન તીર્થોને લગતી ધાર્મિક યાત્રાઓનું સંચાલન કરે છે. પ્ર.સ.ના અભિનંદન.

### વેરાવળ બેંકને ડિપોઝીટ પ્રાપ્તિમાં પ્રથમ પુરસ્કાર



વેરાવળ મર્કેન્ટાઈલ કો. ઓ. બેન્ક લિ.ને ડિપોઝીટ પ્રાપ્તિની રૂા. ૫૦૦ - ૬૦૦ કરોડની કેટેગરીમાં સતત ચોથા વરસે બેન્કો મેગેઝિન દ્વારા બેન્કો બ્લ્યૂ રિબન સ્પર્ધામાં વર્ષ ૨૦૨૧-૨૨નો ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્રથમ સ્થાન મળ્યું છે. સ્મરણીય છે કે વેરાવળ મર્કેટાઈલ કો.ઓ. બેન્કના ચેરમેન પદે આપણી જ્ઞાતિના લાલા કચ્છના વેરાવળ નિવાસી નવિનભાઈ હીરજી દંડ વરસોથી કાર્યરત છે. પુરસ્કાર મહાબળેશ્વર ખાતે તા. ૨૮.૨.૨૦૨૩ના દિને એન.એ.એફ.સી.આઈ.બીના ચેરમેન શ્રી જ્યોતીન્દ્રભાઈ મહેતાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. વેરાવળ સહિત સમગ્ર સૌરાષ્ટ્રની સહકારી સંસ્થાઓ માટે આ ગૌરવપ્રદ પુરસ્કાર મેળવવા માટે નવિનભાઈને પ્ર.સ.ના અભિનંદન.

## તૃતીય પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



### સ્વ. માનકુંવરબેન નવિનચંદ્ર લાલકા

(ગામ : નલિયા હાલે શિહોર (મ.પ્ર.)

જન્મ : તા. ૧૬.૧૦.૧૯૪૩  સ્વર્ગવાસ : તા. ૨૧.૦૩.૨૦૨૦

મા હરઘડી તમે સાથે છો અમારા,
અમને એ અહેસાસ છે.
આજ તમો ખૂબ દૂર છો અમારાથી,
પણ દિલની ખૂબ નજદીક છો.
તમારી યાદોની અમુલ્ય ધરોહર,
આજે પણ અમારી સાથે છે.
જીવનના હરેક પડાવને પાર પાડવા,
અમારા મસ્તકે તમારો હાથ છે.
તમે પ્રત્યક્ષ અમારી સાથે નથી,
પણ તમારા આશીષ હંમેશા સાથે છે.

**મા ને તૃતીય પુણ્યતિથીએ**
**પરિવારના શત્ શત્ નમન.**

: આત્મીયજનો :

નવિનચંદ્ર ભવાનજી લાલકા

: પુત્ર-પુત્રવધુ :

અ.સૌ. હેતલબેન યોગેશભાઈ લાલકા
અ.સૌ. પ્રેરણાબેન રૂપેશભાઈ લાલકા

: પુત્રી-જમાઈ :

અ.સૌ. રૂપાબેન નંદીશભાઈ લોડાયા

: પૌત્ર-પૌત્રી-દોહિત્ર :

ઉમંગ, આદિત્ય, તનિષ્કા, ધારા, નિહાર

## દસમી પુણ્યતિથીએ ભાવપુર્ણ શ્રદ્ધાંજલી



### સ્વ. માતુશ્રી મધુરીબેન મુલચંદ લોડાયા

(ગામ : તેરા - મસ્જિદબંદર, મુંબઈ)

જન્મ : ૧૯૪૦  અરિહંતશરણ : તા. ૧૫.૦૩.૨૦૧૩

દૃષ્ટિમાં હજુએ રમે છે,
તમારો હસતો ચહેરો,
અંતરમાં હજુએ પડઘાય છે,
તમારી સ્મૃતિના ધબકારા,
વ્યવહારમાં સચવાય છે,
તમારા સંસ્કારના રણકાર
સ્મૃતિમાં હજુએ સંભળાય છે,
તમારી યાદોના ભણકારા.

દસમી પુણ્યતિથીએ આપના
પાવન ચરણોમાં ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

**માતુશ્રી મેઘબાઈ કાનજી હંસરાજ**
**લોડાયા પરિવાર-તેરા (મસ્જિદબંદર)**
**માતુશ્રી મીઠીબાઈ ખીમજી માણેકજી**
**મૈશેરી પરિવાર - માંડવી**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**